
# અધ્યાત્મ



વર્ષ : ૧૩ ફેબ્રુઆરી–૧૯૯૨ અંક : ૫

## * પ્રાર્થના *

હે પ્રિયતમ, જે દિવસે મારી આંખ તારું દર્શન ના કરે, તે દિવસે એ આંખને ભલે તું છેદી નાખજે! ને મારા પ્રાણ, જે દિવસે મારું હૃદય તને મૂકી દઇને જગતની ક્ષુલ્લક માયાને સ્થાન આપે, તે દિવસે એ હૃદયને તું ભલે રગદોળી નાખજે!

હે પ્રિય, જે દિવસે કાન તારું સુમધુર સંગીત સાંભળવાનું છોડી દે, તે દિવસે તે કાનને તું ભલે છેદી નાખજે! ને હે મારા પ્રેમ, જે દિવસે મારું શરીર તારી સેવા ને પૂજાનાં માર્ગને મૂકી દે, તે દિવસે એ શરીરને તું શાંત કરી દેજે!

તારું દર્શન ના કરી શકતી હોય એવી આંખ હોય તો હે પ્રભુ, એ જ સારું છે કે, તેનો હ્રાસ થઇ જાય.

તારી જ સુવાસમાં મસ્ત ન રહેતું હોય એવું અંતર હોય, તો હે મારા પ્રાણ, એ જ બહેતર છે કે એનો નાશ થઇ જાય, ને મારા અંગેઅંગમાં તારી પવિત્ર મૂર્તિ ના હોય તો, પ્રભુ, એ અંગ પણ ભલે ભસ્મીભૂત થઇ જાય.

તારા દિવ્ય રસનું પાન મને પ્રત્યેક પળે કરવા દે! તારા જ સંગીતમાં મને મસ્ત બનવા દે! હે દયામય, તારાથી અલગ ના થાઉં, એવો આશીર્વાદ મને કાયમને માટે આપી દે.

શ્રી યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| એક નનામા પત્ર લેખકને | તંત્રી | ૧૩ |
| સદ્‌ભાવભરી સહાય | — | ૧૫ |
| માતૃદર્શનનો મહોત્સવ–૫ | ગોરધનભાઇ કલોલા | ૧૮ |
| સર્વ સમર્પણ | શ્રી યોગેશ્વરજી | ૨૮ |
| બીલીપત્ર | એક સાધક | ૩૧ |
| અધ્યાત્મની ઓળખ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૫ |
| ધ્યાન–સાધના શિબિર | — | ૪૧ |
| પુસ્તક વાંચન અંગે સ્પર્ધાઓ | તંત્રી | ૪૨ |
| પ્રકૃતિ–ત્રય | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૩ |
| એક લાકડે બળવાના | શ્રી દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૪૪ |
| માનવના મન અંગેનું અજ્ઞાન | યોગેન્દ્ર પરીખ | ૪૫ |
| Path to True Understanding | Reena Parikh | ૫૩ |
| સાધ્વી રાબિયાનો પ્રાર્થનાપોકાર | રતિલાલ ભાવસાર | ૫૪ |
| શ્રદ્ધા અને બુદ્ધિ | બળવંત ઓઝા | ૫૭ |
| થઇએ | મધુરમ | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનના અધિકારી *

મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરન્ટો (કેનેડા) એ પોતાના દશાબ્દી વર્ષ નિમિત્તે, અધ્યાત્મના ફેબ્રુઆરી, '૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ આપવા જાણ કરી છે. તે બદલ ત્યાંના ધ્યાનકેન્દ્રના બધાં જ ભાઇ-બહેનો ખરે જ અભિનંદનનાં અધિકારી છે. તેઓએ નવેમ્બર ૯૧ થી જાન્યુઆરી ૯૨ ના ત્રણ માસનો અધ્યાત્મ પ્રકાશનનો ખર્ચ પણ આ પહેલાં આપેલ છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ ફેબ્રુઆરી—૧૯૯૧ અંક : ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સં. ૨૦૩૭, કારતક સુદ તેરશ, તા. ૨૦—૧૧—૮૦, ગુરુવાર**

આજે પવિત્ર તીર્થ કામારપુકુરમાં રાત્રિવિશ્રામ થયો. ત્યારબાદ સવારે શ્રી રામકૃષ્ણદેવના જન્મ સ્થાનમાં જ્યાં સુંદર મંદિર થયું છે તે જગ્યાના દર્શન કર્યાં.

જે ઘરમાં તેઓ રહ્યા તે સ્થાન સ્વચ્છ ને જેવું છે તેવું જ રાખવામાં આવ્યું છે. બાજુમાં જ એમના મોટાભાઇનું મકાન છે. વળી સામે જ રામકૃષ્ણદેવની પૂજા, રઘુવીરની, લાલાની, માતાજીની પૂજા છે. જે હજી એમના કૂળ હસ્તક જ છે. તેનું નાનકડું મંદિર છે, જેની પૂજા રામકૃષ્ણદેવના ભાઇની છોકરીનો છોકરો કરતો હતો. તે મળ્યો. તેણે ખૂબ રસપૂર્વક બધાં જ સ્થાનો બતાવ્યાં.



ઠાકુરની સ્કૂલ, નાટકનું સ્થાન, ધની લુહારણની જગ્યા, મંદિર જ્યાં ઠાકુરને ભાવસમાધિ થઇ જતી વિ. સૌ સ્થાનો જોયાં.

પૂજાના મંદિર સિવાય આ જન્મસ્થાનની આ સુંદર વ્યવસ્થા રામકૃષ્ણમીશન કરે છે. થોડા ફોટા લીધા.

ત્યાંથી જયરામવાટી ફક્ત ૭—૮ કિ. મી. જ દૂર છે. તે શારદામણિદેવીનું જન્મસ્થાન છે. ત્યાં શારદાદેવીની સુંદર મૂર્તિ છે. ત્યાં પણ રામકૃષ્ણમીશનનો જ વહીવટ છે.

જ્યાં શારદાદેવી બાવન વરસ રહ્યાં તે સ્થાન પણ જોયું. છેલ્લાં ચાર વરસ જ્યાં રહ્યાં તે સ્થાન જોઇને થોડી ખરીદી કરી. પછી પૂ. શ્રી પાસે આવ્યાં.

પૂ. શ્રીના પરિચિત સ્વામી પ્રેમરૂપાનંદજી અહીંના પ્રમુખ છે. તપાસ કરતાં માહિતી મળી કે તેઓ હમણાં જ પોતાના કાર્યાલયમાં આવશે. ત્યાં તો પૂ. શ્રીએ ખબર આપી એટલે તરત જ બહાર આવ્યા. પૂ. શ્રીને ખૂબ પ્રેમપૂર્વક અંતઃકરણથી આવકાર આપ્યો. અમને પણ પાછળથી સૌને બોલાવ્યાં.

આ બંને સંત મહાત્માઓનું મિલન દર્શનીય હતું. વાતો શરૂ થઇ.

પૂ. શ્રી : અમે કાનપૂરમાં પ્રેમરૂપાનંદજીને મળ્યા હતા. તે સ્વામીજી આ છે; જેમની વાતો સંતસૌરભમાં અમે લખી છે.

પ્રેમરૂપાનંદ : અમારે ને યોગેશ્વરજીને ખૂબ પ્રેમ ને પરિચય છે. કાનપુરમાં અમે મળ્યા. સુરતમાં પણ અમે મળ્યા.

શ્રી મોહનભાઇ : આપ કેટલાં વરસોથી આ મીશનમાં જોડાયા છો?

પ્રેમરૂપાનંદ : હું ૪૨ વરસથી આ સંસ્થામાં છું.

શ્રી મોહનભાઇ : આ ક્ષેત્રે આપને કોઇ આધ્યાત્મિક અનુભવ થયા હોય તો કૃપા કરી જણાવી શકો.

પ્રેમરૂપાનંદ : અનુભવો તો ઘણા થયા છે. (ગદ્‌ગદ્ કંઠે) હું ભારતમાં પણ ઘણી જગ્યાએ ફર્યો. પણ હંમેશાં હૃદયમાં ઉદ્વેગ જ રહ્યા કરતો. જ્યારથી હું જયરામવાટીમાં આવ્યો છું ત્યારથી મને ખૂબ માનસિક શાંતિ થઇ છે. ક્યારેય ઉદ્વેગ થતો જ નથી. અશાંતિ હવે ઘેરી વળતી નથી.

વળી પવિત્ર માતા વખતોવખત કહેતાં કેઃ—

જ્યારે તમે મુશ્કેલીમાં હો ત્યારે યાદ કરજો કે હું તમારી સાથે જ છું. અને એ વાત સાચી જ હોય એવા અનુભવો (માની સતત હાજરીના) ઘણાં થયા.

જ્યારે જ્યારે અમે કોઇ નવા કામનો પ્રારંભ કરીએ ને આર્થિક મુશ્કેલી હોય, શું થશે એવું વિચારતા થઇ જઇએ પરંતુ થોડા જ વખતમાં કોઇકને કોઇક રીતે અમને સર્વ મદદ મળી રહે છે.

માની હાજરીનો ને માની મદદનો અનુભવ મળ્યા જ કરે છે. એવો અમને હવે દૃઢ વિશ્વાસ છે. આટલી મોટી સંસ્થા ચલાવવામાં તેઓની જ હાજરી ને માર્ગદર્શન મળ્યાં કરે છે. તેથી તો આવી સંસ્થા વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

કોઇપણ અહીં બે–ત્રણ દિવસ રહે તેને માની હાજરીનો અનુભવ થાય જ છે.

પૂ. શ્રી : આનાથી વળી બીજો કયો મોટો અનુભવ? આજ



અનુભવ સર્વશ્રેષ્ઠ છે. એમની શક્તિ જરૂર કાર્ય કરે જ છે.

આટલી વાતચીત બાદ પ્રશ્ન પૂછાયો તો જાણવા મળ્યું કે શ્રી શ્રી શારદાદેવી સાથે રહેનાર એક ૮૩ વરસના વૃદ્ધ ભાઇ છે, પણ તેઓ આજે જ કલકત્તા ગયા છે.

વાતચીત દરમ્યાન ફોટાઓ લીધા. સૌને પ્રસાદ મળે એવી સૂચના આપી. પૂ. શ્રીને તો એમણે પહેલાં જ પ્રસાદનો પડિયો આપ્યો હતો. સૌ કાર્યકર્તાઓને પૂ. શ્રીની ઓળખાણ આપી.

સમય થોડો હતો ને પ્રેમરૂપાનંદજીને પણ કામ હોઇ અમે સૌએ વિદાય લીધી.

વિદાયનું એ દૃશ્ય અલૌકિક હતું. પ્રેમરૂપાનંદજી ઉભા થયા. પૂ. શ્રીને આલિંગન આપ્યું ને નીચા નમીને ખૂબ ખૂબ ભાવભર્યા પ્રણામ કર્યા.

અમે સૌ આગળ વધ્યા. ત્યાં તો તેઓ ફરી આગળ આવ્યા. અને બોલ્યા, "હવે આવો તો જરૂર સગવડ કરીશ. અમને જરૂર જણાવજો."

ત્યાંથી શારદાદેવીના જૂના ઘરમાં, નવા ઘરમાં અમને સૌને લઇ ગયા. સમજ આપી. ફરી પોતાના કાર્યાલયમાં લઇ ગયા. ત્યાં પોતાનું સરનામું આપ્યું. ફરી બહાર મોટર સુધી મૂકવા આવ્યા.

પૂ. શ્રીને ફરી પ્રણામ કર્યા. પૂ. શ્રીએ પણ પ્રણામ કર્યા. ગાડીમાં બેઠા. પૂ. શ્રીના બંને નમસ્કારવાળી મુદ્રાવાળા હાથ ખૂબ ભાવપૂર્વક પકડીને વિદાય આપી. પૂ. શ્રીએ કહ્યું, "ફરી મળીશું."

બે સંતોનું મિલન (સંતો સંપ્રદાયના વાડામાં સામાન્ય રીતે બંધાઇ જાય છે.) ખૂબ વંદનીય ને દર્શનીય હતું. રામકૃષ્ણ

મીશનની જગવિખ્યાત સંસ્થાના એક શાખાના પ્રમુખ તરીકે તેઓ ખૂબ નમ્ર ને પ્રેમાળ હતા. જાણે કે નામ પ્રમાણે જ સદ્ગુણોનો ભંડાર હતો. તેઓ શ્રી રામકૃષ્ણદેવના શિષ્ય શિવાનંદથી દિક્ષિત થયા હતા.

પૂ. શ્રીએ માર્ગમાં પ્રેમરૂપાનંદજીની નમ્રતાને પ્રેમભાવની જ આનંદથી વાતો કરી.

જયરામવાટીના જીવંત મધુર સ્મરણો સાથે એ પવિત્ર તીર્થસ્થાનની વિદાય લીધી. આનંદ એટલા માટે થયો કે બે સંતોનું મિલન જોવા મળ્યું.

જેમ દક્ષિણની યાત્રામાં સાકોરીની સાધ્વી શ્રેષ્ઠ શ્રી ગોદાવરીમાતાનું મિલન, એ રીતે ઉત્તરની આ યાત્રામાં શ્રી પ્રેમરૂપાનંદજીનું મિલન સાચે જ ચિરસ્મરણીય બની રહેશે.

જયરામવાટીથી ફરી કામારપુકુર આવવું જ પડે છે. ત્યાંથી ઘટુર થઇ દાસપુર થઇ મુંબઇનો મુખ્ય માર્ગ નંબર ૬ ઉપર આવી ગયા.

દાસપુરમાંથી સમોસા, મમરા, મિઠાઇ વગેરે લીધું. બાજુના ગામના પાદરે સૌએ બેસીને તે લીધું. થોડો આરામ કર્યો.

ગામ નાનકડું હતું. જેથી સૌને ખૂબ ખૂબ આશ્ચર્ય થયું. સૌ નાનામોટા ટોળે વળી અમે કોઇ વિચિત્ર પ્રદેશના વિચિત્ર પ્રાણીઓ હોઇએ તેમ જોવા ભેગા થયા. સૌની આંખોમાં જીજ્ઞાસા ને કુતૂહલતા હતી. સૌ વાતો કરવા તૈયાર હતાં. બંગાળીમાં કંઇક ને કંઇક પૂછતાં હતાં. અમારા પૈકી કોઇને પણ બંગાળી આવડતું ન હતું. જેથી ઇશારાથી થોડી વાતો થઇ. વિદ્યાર્થીઓનું ટોળું પણ હતું.



એક વૃદ્ધપુરુષ પણ બંગાળીમાં પૂછતા હતા. તેના વાક્યમાં એક અંગ્રેજી શબ્દ આવ્યો જેથી પૂ. શ્રીએ અંગ્રેજીમાં વાતો કરી. તેમણે પૂછ્યું કે ક્યાંથી આવો છો? ક્યારે નીકળ્યા? કેટલા જણ છો? ક્યાં ક્યાં જઇ આવ્યા? ક્યાં ક્યાં જવાના છો? પૂ. શ્રીએ ખૂબ પ્રેમપૂર્વક તેમની સાથે વાતો કરી.

સૌ એવા તો વીંટળાયેલા હતા કે આરામ કરવાની પણ મુશ્કેલી લાગશે–એ અંગે પૂ. શ્રીને કહ્યું તો પૂ. શ્રી કહે : "ભલે છોકરાઓ દર્શન કરતા."

એ ચંડીપુર ગામે થોડો આરામ કરી દાલપુર થઇ મુખ્યમાર્ગે આવ્યા ત્યારે ઘડિયાળમાં સાડા ત્રણ થયા હતા.

અમારી ગાડી સુંદર માર્ગ આવતાં ઝડપથી ચાલવા માંડી. જ્યાં મુખ્ય માર્ગ સુધી પહોંચી. ત્યાંથી મુંબઇ ૧૯૦૧ કિલોમીટર જેટલું સુદૂર હતું.

મુખ્યમાર્ગથી ગાડી ખડ્ગપુર થઇ આગળ વધી. ત્યાંથી મુખ્યમાર્ગ નં. ૬ થી નં. ૫ ઉપર ભૂલમાં ૩૫ કિલોમીટર જેટલે ઉંડે સુધી આવી ગઇ, જેથી ફરી બારાપદાથી બાગરીપુસીમાં આવી ગયા. હવે અહીંથી મુખ્યમાર્ગ મળી જશે.

અહીં ટુરીસ્ટ બંગલો મળ્યો. જ્યાંના દર ખૂબ ભારે હોવા છતાં રહેવાનું ફરજીયાત હતું.

**સં. ૨૦૩૭, કારતક સુદ ચૌદસ, તા. ૨૧–૧૧–૮૦, શુક્રવાર**

**સ્થળ : યાત્રા ચાલુ**

આજે બાગરીપુસીથી મુખ્ય માર્ગ ઉપર જવા બીસોઇ ઉપર આવ્યા. બીસોઇથી મુખ્ય માર્ગ મળ્યો જે કંજરગઢને પાલહરાના માર્ગ નં. ૬ ઉપર યાત્રા શરૂ થઇ બારકોટ ને દેવગઢ આવી ગયા

દેવગઢમાં લોજ ચલાવતા એક ગુજરાતી ભાઇ મળી ગયા. તેમણે ખીચડી, શાક–રોટલીનું ભોજન તૈયાર કરી દીધું. પૂ. શ્રી અને સર્વેશ્વરી માટે દૂધમાં પૂરી–શાક બનાવ્યાં.

તે દરમ્યાન દેવગઢથી એક કિલોમીટર દૂર પાણીના ધોધની સુંદર રમણીય જગ્યા જોઇ આવ્યા. આવીને ભોજન કરી લીધું. દેવગઢની બહાર જ થોડો આરામ કર્યો.

દરરોજ બહાર કુદરતના ખોળે બપોરનો લગભગ એકાદ કલાકનો વિશ્રામ થાય જ છે, એ આ યાત્રાની વિશેષતા છે.

દરરોજ જ આરામ માટેના સુંદર સ્થળો બપોરે મળે છે. એ રીતે રાતે પણ દરરોજ લગભગ સરકારી રેસ્ટહાઉસ (ડાક બંગલા) જ મળે છે. યાત્રામાં એકાદ સરકારી અમલદાર સાથે હોય તો ઘણી ઘણી સરળતા અને સગવડતા મળી રહે છે, એ અનુભવવા મળ્યું. દેવપ્રયાગની પવિત્ર તપોભૂમિ ઉપર પણ રહેવાની કોઇ સગવડ ન હતી. ત્યાં પણ પૂ. શ્રીની કુટિયા પાસે જ ઉપર જ્યાં ભાગિરથી અને અલકનંદાનો સંગમ થાય છે તે સ્થાન ઉપર જ એક સુંદર ડાકબંગલો મળ્યો હતો.

આજે પણ યાત્રા દેવગઢથી આગળ ચાલી અને બારગઢ આવી વિશ્રામ પામી. ત્યાં આજે પણ દરરોજની જેમ સરકારી રેસ્ટહાઉસ મળી ગયું. જેથી ત્યાં વિશ્રામ થયો. આજે સત્સંગ પહેલાં આ ડાક બંગલો સરસ છે એવી વાત નીકળી.

પૂ. શ્રીએ સત્સંગનો વાર્તાલાપ શરૂ કરતાં કહ્યું : બંગલા અજબ બનાયા. કબીરે કહ્યું, પંચમહાભૂતનું શરીર બંગલા જેવું છે. આ (શરીર) ટુરીસ્ટ બંગલો જ છે. પણ આપણે ભૂલી જઇએ



છીએ ટુરીસ્ટ બંગલામાં પ્રથમથી જ ભાડું લઇ લેવાય તેમ કર્મોનો હિસાબ પણ તરત જ મળી જાય છે.

યાત્રાની પૂર્ણાહુતિના દિવસો નજીક આવી રહ્યા છે. યાત્રા નિમિત્તે સારા નિયમો લો તો વૈરાગ્ય વધે, શ્રદ્ધાભક્તિ વધે એવા, પોતાની આત્મસુધારણા માટેના જ નિયમો લેવા.

એક ભાઇએ યાત્રા બાદ રીંગણા ન ખાવાનો નિયમ લીધો. પાછળથી જાણ્યું તો એમની ધર્મપત્નીએ કહ્યું : રીંગણા તો પતિદેવને ભાવતાં જ નથી. તો આવા નિયમોનો કોઇ અર્થ નથી.

સારી વસ્તુ સંયમપૂર્વક લેવી તે વ્રત થઇ જાય. ગમતી વસ્તુને મર્યાદામાં બાંધો તો તે વ્રત થઇ જાય.

દરરોજ ગીતાનો એક અધ્યાય વાંચવો જ. નાનપણથી–૧૪ વરસનો હતો ત્યારથી જ ગીતા વાંચું છું. યાત્રામાં પણ વાંચું જ છું. તો એવા નિયમો લેવા ને પાળવા.

સારું પુસ્તક, અમુક પાનાં વાંચવા જ. આટલા વાગ્યે સૂવું જ. જીવનમાં જે આધ્યાત્મિક રીતે ઉપયોગી થાય તેવા નિયમો જેમ કે ધ્યાન ધરવું, બે વાર ધરવું જ. કેટલાકના નિયમો હોય છે. ભોજનમાં બે જ વસ્તુ લેવી. લુસાકામાં એક ભાઇનો એવો નિયમ હતો. કયો નિયમ તે પસંદ કરો. બધા હોય તો બીજા સારા નિયમો લો.

ગમે તે પરિસ્થિતિમાં શાંત જ રહેવું, એ નિયમ પણ સારો. ખોટી આલોચના ન કરવી, ખોટા ગપ્પાં પણ ન મારવાં, ખાવાના, પહેરવાના, ઉઠવાના, સ્વાધ્યાયમાં બેસવાના કેટલાક નિયમો રાખી શકાય નિયમબદ્ધ જીવન હોય તો થોડા સમયમાં ઘણું કામ કરી

શકો. પૂ. શ્રીનાં ૮૦ પુસ્તકો છપાયાં. તો દરરોજ ૮ થી ૧૧ કલમ ચાલ્યા જ કરી. રવિવારની પણ રજા નહીં—તો આ કામ થયું.

કેટલાક કહે મૂડ નથી—તો ખાવામાં એ પ્રશ્ન નથી ઉઠતો કામ કરવા બેસો એટલે મૂડ. ટીપે ટીપે સરોવર ભરાય. તેમ કોઈપણ નિયમથી લાભ થાય જ છે.

આજનો વાર્તાલાપ મનનીય હતો. વાર્તાલાપ બાદ પ્રણામ ને આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

O

*** જાહેર સૂચના ***

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૦–૧–૯૨ ના રોજ અમેરિકાથી ભારત આવી ગયાં છે. તેઓનાં દર્શન અને સત્સંગનો કાર્યક્રમ તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે, ત્યાં ત્યાં ચાલતો રહે છે. પૂ. મા તા. ૨૪–૧ થી અમદાવાદ હતાં. તેઓનો આગળનો કાર્યક્રમ હજી નિશ્ચિત થયેલ નથી. તેથી તે વિષે જણાવી શકતા નથી.

આમ છતાં કોઈને તેઓના કાર્યક્રમ વિષે કંઈ જાણવું હોય તો તંત્રી, અધ્યાત્મને જવાબી કાર્ડ લખવું. ખબર હશે તો જણાવશે.

—તંત્રી



# એક નનામા પત્ર લેખકને

તંત્રી

વડોદરાથી એક ભાઈએ અમને નામ અને પોતાના સરનામા વગરનો પત્ર લખ્યો છે, તેમાં કરેલાં કેટલાંક સૂચનો સારાં છે, છતાં બધી જ સારી વસ્તુઓનો અમલ આપણે થોડા જ કરી શકીએ છીએ? તેમાં કેટલીક મર્યાદાઓ આડે આવતી હોય, એવું પણ હોય. એની જાહેર ચર્ચા ના થઈ શકે. એટલે એ ભાઈએ પોતાનું નામ ને સરનામું લખ્યું હોત તો સારું થાત. અમે અમારી પરિસ્થિતિ અને મર્યાદાઓની જાણ વિગતે તેમને કરી શકત. અમે એ વાત સ્પષ્ટ કરી દઈએ કે અધ્યાત્મ માટે મદદરૂપ થવા અમારે યુવાન મદદગારોની આવશ્યકતા છે. અમે એવું પણ ઇચ્છીએ કે આ માસિકની ધૂરા કોઈ નિષ્ઠાવાન્ યુવાન સંભાળે. પણ કોણ આગળ આવે છે?—કોઈ જ નહિ; આ વાસ્તવિકતા છે.

બીજું "કદાચ હું મારું નામ જણાવું તો ખરાબ લાગશે એવો ભય એ પત્ર લેખકના મનમાં હશે. પરંતુ ભલા ભાઈ, આધ્યાત્મિકતાનું પ્રથમ લક્ષણ 'અભય' છે. અભયં સત્ત્વસંશુદ્ધિ વાળા સાચી આધ્યાત્મિક વ્યક્તિના લક્ષણોમાં ગીતાએ અભયને પહેલું સ્થાન આપ્યું છે. એ કેમ ભૂલી ગયા? એટલે કશા ભય વગર પોતાનું નામ જણાવવા વિનંતી છે. કેટલાકોને એવું લાગે છે કે પૂ. શ્રી અને પૂ. માની વાતોનું અધ્યાત્મમાં પુનરાવર્તન થાય છે. સાચી વાત. પરંતુ જે સાચું છે, સારું છે, મહત્ત્વનું છે, તેનું વાંચન, મનન નિદિધ્યાસન જરૂરી છે. એટલે તો એકની એક

ગીતા આપણે જીવનભર વાંચતા રહીએ છીએ. ભાગવતની અને રામાયણની કથાઓ આખી જીંદગી સાંભળીએ છીએ. સાચું કે નહિ? તો શા માટે આમ કરીએ છીએ? એનો જો વિચાર કરવામાં આવે તો અધ્યાત્મમાં થતાં પુનરાવર્તનનો ખુલાસો આપોઆપ મળી જશે.

એ ભાઈનું એક સૂચન સારું છે કે જાહેરખબર તો વેપારીઓ આપી શકે. પરંતુ અધ્યાત્મના એક પાનાના થતા રૂા. ૨૫૦ નો ખર્ચ કોઈ પણ વ્યક્તિ લગ્ન, જન્મ કે બીજા સારા પ્રસંગો નિમિત્તે આપી શકે. તે પાના નીચે તેની બે લીટીમાં નોંધ મૂકવામાં આવશે. જેમ કે Space donated by અગર તો ....ના સૌજન્યથી.

આ સૂચન આવકાર્ય છે.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત- ૩૯૫ ૦૦૭.



# સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મ માસિકના વાંચકો સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ વહાવ્યા કરે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:—

રૂા.

૧૦૧ શ્રી વિજુભાઈ જી. પટેલ, અમદાવાદ.

૫૧ શ્રી બચુભાઈ કાનજીભાઈ વાજા, સુરત—પોતાનું મકાન થતાં.

૨૧ ગં. સ્વ. હરિગંગા મગનલાલ જાની, વડોદરા—મોતિયાનું ઓપરેશન સફળ થતાં.

૨૧ જોબનપુત્રા અરવિંદ ખીમચંદ, હળવદ.

૧૦૧ શ્રી નટવરભાઈ રણછોડભાઈ ભક્ત, ધામણ.

૨૫૧ ગં. સ્વ. દમયંતીબેન સુરેશભાઈ ભક્ત, કપૂરા.

૧૫૧ શ્રી પ્રતીક્ષા જે. ભક્ત, કપૂરા.

૫૧ શ્રી ઉત્તમભાઈ દૂધવાલા, સુરત.

૧૦૧ શ્રી રમેશભાઈ જગુભાઈ પટેલ, સુરત—પુત્રી હેમિનીને ત્યાં પુત્રી થતાં.

૧૦૧ શ્રી રમેશભાઈ જગુભાઈ પટેલ, સુરત—પુત્રી તેજલને ત્યાં પુત્ર જન્મ થતાં.

૧૦૧ શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલ, ભાવનગર—પુત્રને એન્જી. કોલેજમાં નોકરી મળતાં.

૧૫૧ શ્રી અવ્યય કલેક્શન, સુરત.

૧૨૫ શ્રી છગનભાઇ ત્રિભોવનભાઇ સોરઠિયા, સુરત.

૧૫ એન. એસ. દેસાઇ, મોરબી–પુત્ર અંશુમાલીના પચ્ચીસમાં જન્મદિન નિમિત્તે.

૨૧ શ્રી મગનલાલ લાલજીભાઇ સરવૈયા, ભાવનગર.

૫૧ શ્રી પદ્માબેન પ્રતાપરાય ત્રિવેદી, ભાવનગર–શ્રી પ્રતાપભાઇનું આંખનું ઓપરેશન સફળ થતાં.

૨૧ શ્રી જયંતીલાલ મોહનલાલ દવે, ભૂજ.

૫૧ શ્રી કાન્તાબેન ભોજાણી, મોરબી–પૂ. મા પોકાર સાંભળે છે, રક્ષા કરે છે.

૮૩૦ શ્રી જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી–પોતાના તથા પુત્ર સમીરના જન્મદિન વગેરેના.

૧૧ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી–પિતાની પુણ્યતિથિ નિમિત્તે.

૧૦૧ શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહ, મુંબઇ–શ્રી નીતિનના લગ્ન નિમિત્તે.

૩૦૦ શ્રી કંચનબેન મનહરલાલ ભક્ત, અમેરિકા.

૫૧ શ્રીમતી કુન્દનબેન રાણા, વડોદરા–અકસ્માતમાંથી ઉગરી જતાં.

૧૦૧ શ્રી વિજયસિંહ રાણા, વડોદરા–પુત્ર દિગ્વિજયસિંહના લગ્ન નિમિત્તે.

૨૧ શ્રી કોરમ મુકુન્દરાય સોરઠિયા, સુરત.

૧૦ શ્રી ધીરજલાલ શાહ, મુંબઇ.

૫૦૧ શ્રી મનીષા ધનસુખલાલ પટેલ, અમદાવાદ.

૨૧ શ્રી ગૌત્તમકુમાર બાબુભાઇ ભટ્ટ, અમદાવાદ પુત્ર તેજસના જન્મદિન નિમિત્તે.



૫૦૧ શ્રી અંબાલાલભાઇ એમ. મિસ્ત્રી, ૨૭બી–પુત્ર કૌશિકના લગ્ન નિમિત્તે.

૩૫૧ શ્રી બચુભાઇ કે. વાજા, સુરત.

૧૦૦૧ શ્રી જેકીનભાઇ મોરારભાઇ ભક્ત, નેત્રંગ. તથા

૨૦૨ શ્રીમતી શાન્તાબેન જેકીસનભાઇ ભક્ત, નેત્રંગ–મા–પ્રભુની કૃપાથી બંને જણ અકસ્માતમાંથી ઉગરી જતાં.

૨૧ રાજકોટના એક બેન તરફથી.

૫૦ શ્રી શશિકાન્ત પુણેકર, છોટા ઉદેપુર–ભાઇની તબિયત સારી થતાં.

સહુનો હૃદયપૂર્વક આભાર.

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુ:ખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨

# માતૃદર્શનનો મહોત્સવ-૫

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

ભગવાન શ્રી રામની રામાયણ અને મા સર્વેશ્વરીના દર્શનાયનના પાવન પ્રસંગને માણતાં માણતાં, જીવનમાં એક અપૂર્વ પ્રસંગની ધન્યતા અનુભવતા આપણે કાળ નિર્ગમન કરી રહ્યા છીએ. પૂ. માના દિવ્યદર્શનના માધુર્યને માણતાં માણતાં છ દિવસો તો ક્યાં પસાર થઇ ગયા તેની ખબર પણ ના રહી! સવારે એ દર્શનમાં ડૂબ્યા પછી દિવસ ક્યારે આથમે છે તેની કંઇ ખબર પડતી નથી. કેવું છે એ દર્શનનું માધુર્ય!

શાંતિસદન શું વિમલ વદનનું,
સુખ ટાણે કેવું!
સ્વપ્ને પણ દેખી લે તેને,
ગમશે દિલ દેવું.
સુહાયે માનું મુખ કેવું!
મધુથી મઢેલું જ્યોતિજડેલું,
જીવન ધનજેવું.

ગુરુદેવ પ્રભુની પરમશક્તિની, આ પ્રશસ્તિ માત્ર શાબ્દિક નથી. વર્ષોની તપસ્યાને અંતે પ્રાપ્ત કરેલા નવનીતની એ અખંડ અનુભૂતિ છે. આપણે ખાત્રી કરી લઇએ, પૂ. મા તો સામે જ બિરાજ્યાં છે, આપણે તો સદ્ગુરુકૃપાએ તપ પણ નહીં કરવું પડે, અંતરથી એકવાર એ માતૃરૂપને આરાધી લો પછી અંતર જ પ્રત્યુત્તર આપશે.



સત્યાસત્ય કહેજો જેને,
જે હો તે કહેવું;
મને તો ગમે એ માનસ રે,
હંસ બની રહેવું.

જુઓ, માનસરોવરના એ પ્રશાંત સૌંદર્યને ધારણ કરીને પૂ. મા નિજગૃહમાંથી હળવે પગલે પધારી રહ્યાં છે, અંતરના સનાતન સૌંદર્યના પ્રતિક શી આછી સ્મિતરેખા એ અધરોષ્ઠમાં કેવી સોહી રહી છે! દર્શનમાત્રથી પાગલ થઇ જવાય એવું એ માતૃરૂપ છે. જેઓ અંતરમાં પ્રવેશ્યા છે તેઓને એ માતૃનિધિનો દિવ્ય ખજાનો લાધ્યો છે. એક વાર વિશ્વાસ તો કરી જુઓ, કૂદી તો પડો. ડરો નહિ એ પાવક જ્વાળા છે!

તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને;
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.

એક વાર આંધળુકિયાં કરી તો જુઓ, બીજા ભલે મૂરખ કહે, એ મૂર્ખાઇ કરવા જેવી છે, આવું માતૃરૂપ વારંવાર નથી પ્રકટતું.

અહીં જ જુઓને પૂ. મા વ્યાસપીઠપર હજુ તો હમણાં બિરાજ્યાં છે, કથા શરૂ કરે એ પહેલાં તો મન એ માતૃદર્શનમાં જ અટવાઇ ગયું છે. બસ, દર્શન એ જ કથા, દર્શન એ જ પારાયણ!

આ દર્શનનો પ્રસાદ પૂ. મા આજના પ્રભાતે સૌને વહેંચી રહ્યાં છે. મધુર સ્વર પર સવાર થઇને એ પ્રભુપ્રેમનો પ્રસાદ સૌને પહોંચી રહ્યો છે!

ઈશ્વર તું છે દયાળુ, દુઃખ દૂર કર અમારું,
તારા શરણમાં આવ્યા, બીજું છે કોણ વારું,

તું છે પિતાને માતા, આ વિશ્વનો વિધાતા,
વ્યાપક મહાન દાતા, સામ્રાજ્ય સર્વ તારું... ઈશ્વર૦

પૃથ્વી આકાશ તારા, રવિ ચંદ્ર સિંધુ ન્યારા,
તારા હુકમમાં સારા, આશ્રય તું ધામ પ્યારું... ઈશ્વર૦

જગચક્ર પર ચડયો છું, ભવસિંધુમાં પડયો છું,
ઊભો હું દ્વાર તારે, દરશન દે દિવ્ય ન્યારું... ઈશ્વર૦

તારા શરણમાં લેતાં, કરદોષ દૂર સઘળા,
બ્રહ્માનંદ દે શુભાશિષ, ના જિંદગીને હારું... ઈશ્વર૦

આપણને તો આ માતૃદર્શન ખરેખર ગુરુદેવપ્રભુ તરફથી દાનમાં મળ્યું છે. આપણે તો એ માટે પ્રાર્થના પણ નથી કરવી પડી, પ્રભુકૃપા તે આનું નામ! ગુરુદેવપ્રભુની કૃપા વિના તો એ માતૃમહિમાને સમજવાની આપણી શક્તિ પણ ન હતી અને પાત્રતા પણ ન હતી, એ પરમકૃપા થકી તો આજે આઠ આઠ દિવસથી, આઠ આઠ કલાક સુધી આઠેય પ્રહર, અવિરત દર્શનનો દિવ્ય આનંદ માણી રહ્યા છીએ. ભવસિંધુમાં પડયા હોવા છતાં એ દિવ્યદર્શનની દિવાદાંડી થકી ભવસાગરને પાર કરવાની અખૂટ શ્રદ્ધા પ્રકટી છે એમાં તો શંકાને કોઈ સ્થાન નથી. એ લીલાદર્શનના એકેએક લટકામાં મનને લગાડી દઈએ તો પછી સાધના શું કરવી?

જુઓ, અત્યારે પૂ. મા રામાયણગાન કરતાં કરતાં સ્વમસ્તક ઉપર ધીમે ધીમે ઉપરથી છેક નીચે સુધી આશીષ આપતાં હોઈ તેમ ડાબા વરદહસ્તને ફેરવતાં રહે છે. રામાયણ ગાન દરમ્યાન એ સુભગ લીલાદર્શન વારંવાર થતું રહે છે, શું હશે એ



લીલાદર્શનનું રહસ્ય? પૂ. માના રામાયણગાનનાં આ સત્કર્મથી પ્રસન્ન થઈને ગુરુદેવપ્રભુ પૂ. માના અંતરમાં બેઠાં બેઠાં જાણે આશીષ પાઠવી રહ્યાં હોય એવું નથી લાગતું? પૂ. મા કહે છે તેમ યોગેશ્વરપ્રભુ આ સર્વેશ્વરીમાં સમાઈ ગયા છે, અને એ વાત કેટલી બધી સત્ય છે! પૂ. શ્રીના હાવભાવ, બોલચાલની ઢબ, અને પ્રવચનની છટા, પૂ. મામાં જાણે સહજ રીતે પ્રકટ થયા કરતી અનુભવી શકાય છે.

આપણે એમ કહીએ છીએ કે પૂ. ગુરુદેવ ભૌતિક રીતે વિદાઈ થઈ ગયા! પણ પ્રભુ જઈ જઈને બીજે ક્યાં જાય? મા વિના એમને હવે બીજે ક્યાં ફાવે? એમનું અસ્તિત્વ જ 'મા'માં સમાઈ જવાનું હતું! ભૌતિક દેહે પણ 'મા'મય હતા અને અત્યારે દિવ્યદેહે પણ 'મા'માં જ સમાયા છે. બધું જ છૂપું રહી શકે પણ પરમ પ્રેમ કેવી રીતે છૂપો રહી શકે! એ સહજ રીતે વ્યક્ત થયા કરે છે. પૂ. માના પ્રકટ લીલાદર્શનમાં પ્રભુ છૂપા રહીને પણ આ રીતે પ્રકટયાં કરે છે. ગુરુદેવ પ્રભુની પરમ કૃપા તો જુઓ! પરમશક્તિના પ્રત્યક્ષ સ્વરૂપને આપણી સામે જ પ્રકટ કર્યું છે, આપણે પણ એમાં સમાઈ જવાનું છે, પછી વાર શા માટે લગાડીએ?

પૂ. મા આજે કથારંભે ભાગવદ્‌ભૂષણ શ્રી ડોંગરેજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પી રહ્યાં છે, તા. ૮ નવેમ્બર, '૯૦ ના રોજ એ નખશિખ ભક્તપુરુષ ભૌતિક વિદાય લઈને દિવ્યધામમાં પધારી ગયા. પૂ. મા કહે, "પ્રભુ પરાયણતા એમના જીવનમાંથી શીખવા જેવી છે. એમની નીતિમત્તા, સાદાઈ અને સરળતાનો જોટો જડવો મુશ્કેલ છે, એમણે જીવનભર ભાગવતનું રસપાન

કરાવ્યું. અનેક જીવોને દિવ્યતાનો રાહ ચિંધ્યો. એમનાં જેવું સત્કર્મપરાયણ જીવન જીવી જવાની પૂરતી તૈયારી કરવી જોઇએ. એમને માટે તો મૃત્યુ જ મરી ગયું, પણ આપણા માટે સંદેશ આપે છે કે જાગો, તૈયારી કરો, સૌનો વારો આવવાનો જ છે. માટે સત્કર્મ પરાયણ જીવન જીવો, મમત્વ મૂકીને પ્રભુપરાયણ બનો. આ જિતુભાઇનાં ઘરના દેવસ્થાનમાં લાલાજીની મૂર્તિ શ્રી ડોંગરેજીએ જ પધરાવી હતી! એટલે આ પવિત્ર સ્થાન સાથે એમની સ્મૃતિ સંકળાયેલી છે."

પૂ. ડોંગરેજીને શ્રદ્ધાંજલિ અર્પી કથાપ્રવાહ આગળ ચાલે છે. પૂ. મા કહે, "જીવનમાં સમતુલા જાળવવી બહુ અઘરી છે. સંતની કૃપાથી કંઇ સારું થાય તો આપણને ગમે છે પણ કંઇક પ્રતિકૂળ થતાં આપણી શ્રદ્ધા હાલમડોલમ થઇ જાય છે. સંતો પાસે જાઓ ત્યારે ભૌતિક વસ્તુઓની ઇચ્છાઓને લઇને ન જાઓ. બીજી વસ્તુઓની અપેક્ષા કરતાં સંતો પાસેથી અધ્યાત્મમાર્ગનું માર્ગદર્શન લેવું જોઇએ. અમારી પાસે પણ ભૌતિક વસ્તુઓની માંગણી કરતા ઘણા પત્રો આવે છે, નિષ્કામભાવે સંતો પાસે જવાય તો જ જવું, નહિંતર દૂર રહેવું સારું. સંતો પાસે જે સત્ તત્ત્વ છે તેનો જ સંગ કરવા જવું, પરમ કલ્યાણ માટે જ સંતોનો સંગ કરવો." શબરીની નિષ્કામભક્તિ સમજાવતાં પૂ. મા ઉપરોક્ત વાત કરી રહ્યાં છે.

પૂ. મા ભક્તની સરસ વ્યાખ્યા આપતાં કહે, "ભક્ત સાચો તેને કહેવાય જે કદાપિ ફરિયાદ કરતો નથી, પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરી લે છે. જીવનમાં કોઇ નિયમ લીધો હોય તો દૃઢતાપૂર્વક પાળવો, અમે દરરોજ ૧૨૫ દંડવત્ પ્રણામ કરીએ



છીએ તો ઘણી વખત શરીરમાં તાવ હોય, સખત માથું દુઃખતું હોય છતાં પણ દંડવત્ પ્રણામોનો નિયમ અચૂક પાળીએ છીએ. અમને એવો દૃઢ વિશ્વાસ છે કે જેને અમે પ્રણામ કરીએ છીએ તે અમારી શરીરની સ્થિતિ પણ જાણે છે. એટલે નિયમ પાળતાં અમે અમારી અસહ્ય શારીરિક સ્થિતિનો વિચાર કરતાં નથી. અમે તો એકવાર યોગેશ્વરપ્રભુને અમારા જીવનનું સારથિપદ સોંપી દીધું છે. અમે તો નિયમને દૃઢતાપૂર્વક વળગી રહીએ છીએ, શરીરનું એમણે જે કરવું હોય તે કરે. આ વિશ્વાસ, શ્રદ્ધા જ અમને મુશ્કેલીઓમાંથી પાર ઉતારે છે, એટલે તમે પણ લીધેલા નિયમને પ્રાણાન્તે પણ વળગી રહો."

પૂ. માએ ખરેખર વ્રત અને નિયમો પાળવાનો એક ઇતિહાસ સર્જ્યો છે. અત્યારે જીવનની એક પણ પળ એવી નથી વીતતી કે જ્યારે કોઇને કોઇ વ્રત કે નિયમ ન પળાતો હોય! હા, એક વાત છે, જેને આપણે દૃઢતાપૂર્વક વળગી રહ્યા છીએ તે ખાવાનો અને આરામ કરવાનો નિયમ પૂ. મા પાળતાં દેખાતાં નથી! શરીરના ગુણધર્મો પોતાની જરૂરિયાતો માટે સાદ પાડયાં કરે છે પણ પૂ. મા તેને દાદ આપતાં નથી. આ એક એવી સ્થિતિ છે કે કોઇને સમજાવી શકાતી નથી. શરીરના ગુણધર્મોની ઉપરવટ થઇને જીવન વ્યતીત કરવું તે પ્રકૃતિના નિયમોના ઉલ્લંઘન સમાન છે, છતાં પ્રકૃતિ, શરીર કે ઇંદ્રિયોને અહીં કોઇ સ્વતંત્રતા નથી. વિજ્ઞાનનું જ્ઞાન અહીં કામ આવતું નથી. વિજ્ઞાનનાં સિદ્ધાંતો અને માન્યતાઓને ખોટા પાડવાનો અહીં પ્રયાસ નથી પરંતુ અલૌકિક આત્મબળનું વિજ્ઞાન પણ પ્રાકૃતિક વિજ્ઞાનપર કાબૂ ધરાવે છે તેનું વિશિષ્ટ દર્શન પૂ. માના જીવનમાં સહજ થાય છે. પૂ. માનું ભૌતિક

શરીર કેવી રીતે ચાલે છે તેની ચકાસણી વૈજ્ઞાનિકોએ–ડોક્ટરોએ કરી છે પણ અન્નવિના આ શરીરમાં કોણ શક્તિ પૂરે છે તે રહસ્યને પામી શક્યા નથી, તેઓ કબૂલે છે કે અમારા આશ્ચર્ય વચ્ચે આ શરીર ચાલે છે તે હકીકત છે.

આમ તો પૂ. માને આપણે જોઈએ તો કંઈપણ વિશિષ્ટતા ન લાગે, પરંતુ પૂ. માના જીવનને જાણીએ એટલે બધું જ વિશિષ્ટ લાગે! પહેલી વિશિષ્ટતા એ કે આ શરીર સાત સાત વર્ષના અણિશુદ્ધ ઉપવાસો છતાં ય આરામ માટે ક્યારેય પથારીવશ થયું નથી. એટલું જ નહિ ઉપવાસ નિમિત્તે કે માંદગીના બહાને પણ એકાદ અઠવાડિયું આરામ કર્યો હોય તેવું સાત વર્ષના ઈતિહાસમાં જોવા મળ્યું નથી. આ ઉપવાસો એટલે ફક્ત અન્ન ન લેવું એટલું જ નહિ પણ આ સાત વર્ષમાં અમુક વર્ષ તો ફક્ત પાણી ઉપરના ઉપવાસોના છે અને અમુક વર્ષ પાણી પણ ન લેવાના ફક્ત નિર્જળાવ્રતના છે. મહિનામાં તેર દિવસો તો નિર્જળાવ્રતમાં જ જાય છે. જે દિવસો નિર્જળા કે પાણી ઉપરના ઉપવાસ ના હોય તે સિવાયના દિવસોમાં પૂ. મા શું લેતા હશે તે પ્રશ્ન થાય તે સહજ છે. જેમ આપણે કોઈને ઘેર કામપ્રસંગે જવાનું બન્યું હોય તો સહજ સ્વાગત માટે આપણને નાસ્તો, દૂધ કે ફળ લેવાનો આગ્રહ કરે. આપણી તબિયત અસ્વસ્થ હોય કે ભૂખ ન હોય તો આપણે કહીએ કે બસ આ તમારા માન ખાતર આ અડધો પેંડો લઈશ. પૂ. માનું કંઈક લેવાનું માપ પણ માન રાખવા પૂરતું જ હોય છે. એમને તો અંદરથી કંઈ લેવાની રૂચી ભાગ્યે જ થાય છે પણ બાળકોના પ્રેમને વશ થઈ એકાદ કેળું કે અડધો ગ્લાસ દૂધ તો માંડ માંડ લે. આટલું પણ લેવાનું ગમે, ભાવે કે રૂચે તે માટે



પ્રભુને પ્રાર્થના કરવાનું પણ પૂ. મા કહે! પૂ. માના ઉપવાસો કેવા છે તેની થોડીક ઝાંખી આપણે અહીં કરી.

પૂ. માની બીજી વિશિષ્ટતા છે, આ ઉપવાસી શરીરથી થતાં પરિશ્રમની! પૂ. મા જે પરીશ્રમ કરે છે તેની કલ્પના આપણે આખો દિવસ ખાનારા પણ નહીં કરી શકીએ, અહીં ભગીરથની જેમ ભૂખ્યા પેટે માનસિક પુરુષાર્થ કરવાનો, ગુફામાં બેસીને સાધના નથી કરવાની, પણ ડુંગરાઓ ચડવાના, હજારો માઈલની મુસાફરી કરવાની, દિવસના આઠ આઠ, દશ દશ કલાક, અને એ પણ આઠ આઠ કે દશ દશ દિવસો સુધી સતત, શિબિરોમાં સંચાલન માટે કે રામાયણના પારાયણો માટે જોશીલી વાણીમાં સતત બોલવાનું! ગમે તેટલું લખીએ તો પણ એ પરીશ્રમને કાગળ ઉપર નહીં બતાવી શકાય, એ માટે તો પૂ. માના સાન્નિધ્યમાં રાત દિવસ જાગવું પડે ત્યારે એ પ્રેમભર્યા પરીશ્રમ-ની થોડી ઘણી પ્રતીતિ થાય! છતાંય પરમાત્માના સાક્ષાત્કાર માટેની સાધનામાં ધ્રુવને પ્રહ્લાદ જેવી ઉત્કટતા! ક્યાંય કચાસ નથી, છટકબારી નથી અને આ બધું જ છતાં જાણે કંઈ કરતા નથી એવું ભાર વિનાનું સરળ જીવન. પૂ. માનું જીવન પ્રભુકૃપા વિના સમજાય તેમ નથી. અંતરની બારી ઉઘાડી રાખીને જોવાનો પ્રયત્ન કરીએ તો પ્રેમમય, પુરુષાર્થભર્યા ભવ્ય જીવનની કંઈક સમ્યક્ ઝાંખી થાય!

આ રામાયણ પારાયણના આપણી નજર સામેના જ પુરુ-ષાર્થને જુઓને! આઠ આઠ કલાક સતત ઊંચા સાદે રામાયણનું ગાન કરવાનું, આપણને એમ કે એ સાંજે રામાયણ પૂરું થયું એટલે કેસરીયાં દૂધ પીને પથારીમાં આરામ કરવાનો, પણ એમ નથી, આ મા જુદી જ માટીની છે. આપણે ગમે તેટલાં કલ્પનાના

ઘોડા દોડાવીએ તોપણ એ ઈશ મહિમાની અલૌકિકતાને નહિ આંબી શકીએ! આખો દિવસ પાણી પણ ન લીધું હોય છતાં આઠ આઠ કલાક એટલું તો મોટા સાદે બોલે કે દરેક શબ્દની પાછળ પ્રાણશક્તિ તેના તીવ્રતમ વેગ સાથે નિયોજાતી હોય છે. જુઓને, હજુ તો સાત વાગ્યે પારાયણ પૂરું થયું ત્યાં તો નવ વાગ્યે પૂ. મા શિબિરાર્થિઓના ઉતારાપર પહોંચ્યાં હોય, આપણને એમ હોય કે આખા દિવસના થાક્યા પૂ. મા હવે રાત્રે તો નજ આવે ને! ત્યાં તો આવ્યા જ હોય અને આપણે પથારીમાંથી ઊઠીને ભાગવું પડે! રાત્રે વળી સત્સંગની મહેફિલ જામે તે છેક રાતના બાર સુધી! ભીમ અને દુર્યોધનના વજ્ર જેવા શરીર તોય યુદ્ધપછી રાત્રે તો પોતપોતાની શિબિરોમાં ઘસઘસાટ ઊંઘતા હોય! ત્યારે અહીં તો મુઠીભર હાડકાસાથે ચોવીસ કલાકનું અવિરામ યુદ્ધ! એટલે તો ભરતભાઈ પૂ. માને થોડાં શ્રમિત જુએ એટલે હસતાં હસતાં કહે "મા, ચાલો તમને આરામ કરવા લઈ જઉં!" પૂ. મા કહે "ક્યાં લઈ જઈશ?" તો ભરતભાઈ કહે "તમારા છોકરાઓ પાસે" અને છોકરાઓને જુએ ત્યાં તો પૂ. મા થાક, પરીશ્રમ વિસરી જાય એટલું જ નહિ પરંતુ અત્યારે રાત્રે નવ વાગ્યે વળી પારાયણ શરૂ કરવી હોય તેવી સ્ફૂર્તિથી ઉભરાતા હોય! રાત્રે બાર વાગ્યે પૂ. મા પોતાના રૂમમાં આવે ત્યાં માળા અને સ્વાધ્યાયના નિયમો એક પછી એક લાઈનમાં ઊભા હોય, એમાંથી પરવાર્યા ન હોય ત્યાં તો પ્રભાતે પ્રભુ એકસો પચીસ દંડવત્ પ્રણામ સ્વીકારવા તૈયાર હોય! ખરેખર જાણે ચોવીસ કલાક ઓછા પડે છે! પોતાનું કર્તવ્ય બજાવવામાં પૂ. મા એક પળની પણ ગફલત ન સેવે.

આ ઈશશક્તિ છે, તેનો મહિમા જેટલો વહેલો સમજાય તેમાં



જ જીવનની સાર્થકતા છે. સમય પંખીની પાંખે બેસીને ઉડી રહ્યો છે. પરંતુ જો આપણે માતૃગોદમાં બેસી જઈશું તો એ વાત્સલ્ય હૂંફે સમય સાર્થક થઈ જશે! પછી તો સમયનું ભાન ભૂલીને એ પ્રેમપિયુષ પીવાનો આનંદ અનોખો જ હશે!

આઠે પહોર આનંદનો સિંધુ, છલ્યો રહે દિનરેને;
નિત્ય નિત્ય સ્નેહ સહિત સત્સંગે, પ્રીતમ પ્રેમરસપીને.

## * પ્રભુનાં બે રૂપ *

એક મંદિરની અંદર છે. એનું અંગ અવનવા અલંકારે અલંકૃત ને સુંદર શણગારે સુશોભિત છે. બીજું મંદિરની બહાર છે. શરીરની માવજત માટે જોઈતાં જરૂરી કપડાંનો પણ એને કાળ છે. એના અંગ પરના વસ્ત્રોના ફાટયાતૂટયા હાલ છે.

એક મંદિરની અંદર છે. એની આગળ ન જાણે સોના ને ચાંદીના કેટલાય થાળ છે. બીજું મંદિરની બહાર છે. એક ફૂટી બદામ માટે એને પ્યાર છતાં વાર છે.

એક મંદિરની અંદર છે. એની આગળ ક્રમે ક્રમે ભોગ ને રાજભોગની કેટલીય સામગ્રીહાજર થાય છે. પૂજારી ને પ્રેમી એની આગળ પુષ્પો વેરે છે ને પ્રસંશાનાં ગીત ગાય છે. અરે, એ તો નીતરતા નેહમાં નહાય છે. બીજું મંદિરની બહાર છે એની આગળ નથી ધૂપ કે નથી દીપ. ભૂખ ને દુઃખથી ઊંડી ઊતરેલી આંખે ને તૂટેલી પાંખે એ સૌને પ્રાર્થે છે, મૂક રીતે બેસી રહીને પ્રાર્થે છે. પૂજારી ને પ્રેમી જનોનાં અપમાન ને અવહેલનાનો એ અનેકવાર શિકાર થાય છે.

શ્રી યોગેશ્વરજી

# સર્વ સમર્પણ

**શ્રી યોગેશ્વરજી**

ઊંડે ઊંડે પણ થોડીક વાસના રહી ગઇ હશે ત્યાં સુધી ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક અવસ્થા અળગી રહેશે. વાસના ભલે પછી તે શુદ્ધ હોય કે અશુદ્ધ હોય, રાજસી હોય કે સાત્ત્વિક હોય, આખરે તો બંધનકારક છે જ, સાંકળ લોઢાની હોય કે સોનાની, તે બાંધી તો શકે જ. એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં સંપૂર્ણતાએ પહોંચતા પહેલાં તો બધી લૌકિક ને પારલૌકિક વાસનાઓનો ભોગ આપવો પડે છે.

સાધનદશામાં સાધકને એવો વિચાર હોય કે સાધન પૂર્ણ કરીને હું લોકોનું ભલું કરીશ, ધર્મ ફેલાવીશ, તો તે વાસના છે તો સાત્ત્વિક છતાં તેની પૂર્ણતાની આડે તે આવશે. ને પહેલાં તેણે તે પૂરી કરવા ભટકવું પડશે. અલબત્ત, આ એક પતન જ છે. જો એવી વાસના હશે કે સાધના પછી સેવા કરીશ તો પણ એ જ દશા થશે. એટલે કે પૂર્ણતા પ્રાપ્ત થતાં પહેલાં એ વાસના તમને સેવાના ક્ષેત્રમાં ખેંચી લાવશે ને તેનો ભોગ પૂરો કરાવશે. એટલા માટે વાસનાથી પર પહોંચવું ઉપયુક્ત છે.

'પૂર્ણતા માટે જ પૂર્ણતા' એ સાધકનો વિચાર હોય. 'ઈશ્વર માટે રહી શકાતું જ નથી. ઈશ્વર માટે તરફડવું એ સ્વભાવ જ છે. માટે ઈશ્વર માટે જ ઈશ્વર' એમ હોવું જોઇએ. બીજી ભાષામાં કહીએ તો આધ્યાત્મિક સાધનામાં સૌથી આવશ્યક વસ્તુ સર્વસમર્પણની છે. ઈશ્વરને માટે સર્વનું સમર્પણ કરવું, નિરાશી થઇ જવું ને ઈશ્વરને માટે જ ઈશ્વરની ઝંખના કરવી કે આત્માને માટે જ આત્માનું સાધન કરવું એ આવશ્યક છે.



આધ્યાત્મિક વિકાસ એ જ સર્વ કાંઇ છે. તેની ઇચ્છા રાખનારે અમુક બાબતો સારી પેઠે સમજી લેવાની જરૂર છે. પહેલાં તો તેણે નક્કી કરી લેવું જોઇએ કે ઈશ્વરની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે ને તે મેળવવામાં જ પુરુષાર્થ, માનવતા, સર્વ કાંઇ છે. વસ્તુતઃ સૌ કોઇ પરમ શાંતિ, આનંદ ને સુખનું સ્વરૂપ છે. તે અનુભવવું ને સાક્ષાત્ સચ્ચિદાનંદ બની જવું એ આપણું ધ્યેય હોવું જોઇએ. વસ્તુતઃ દરેક મુક્ત છે. એટલે શોક, મોહ, લોભ, વાસનાઓ, વગેરેથી સાચેસાચ મુક્ત થઇ જવું એ દરેકનું લક્ષ હોવું જોઇએ. આપણા સર્વ પ્રયત્નો એ મહાન ને ઉદાત્ત ધ્યેયની દિશામાં જ થવા જોઇએ. જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ આપણે પ્રેમને અનુભવવામાં, શાંતિને ભોગવવામાં અને આનંદમાં એક થવામાં કરવો જોઇએ. જેટલા પ્રમાણમાં આપણે પોતે પ્રેમ, શાંતિ ને આનંદ અનુભવતા જઇશું તેટલા જ પ્રમાણમાં આપણે પરમાત્માની પાસે ને પાસે પહોંચતા જઇશું એ નક્કી.

માણસ આટલું જ સમજી જાય તો? પરંતુ અત્યારનો માણસ વાસનાનો એવો તો દાસ થયેલો છે કે તે આનંદને ભોગવી શકતો જ નથી. તેને માટે પ્રેમ એ આકાશપુષ્પ જેવી વસ્તુ થઇ પડી છે, કેમકે તેનું જીવન ઝેર જેવા દ્વેષથી ભરેલું છે. તેને માટે સુખ ને શાંતિ બધું જ દુર્લભ થઇ ગયું છે કેમકે તેને સુખને શાંતિની સાચી દિશાની ખબર નથી. માણસ આજે પોતાનો જ ગુલામ થઇ ગયો છે. સ્વાદનો ગુલામ, વિષયનો ગુલામ, રાગદ્વેષનો ગુલામ– આ ગુલામી કાંઇ નાનીસૂની નથી પણ જેણે ખરેખર કૃતકૃત્ય ને જીવનમરણના ચક્રાવામાંથી મુક્ત થવું છે તેણે તો તે ગુલામીની

બેડીમાંથી છૂટયે જ છૂટકો. માટે જ પહેલાં તો મુક્તિને માટે દૃઢ નિશ્ચય કરી લેવાની જરૂર છે.

યાદ રાખો કે મનુષ્યશરીર કાંઇ જેને તેને મળતું નથી. એ એક દુર્લભ વસ્તુ છે. તે કલ્પવૃક્ષસમાન છે. તેમાંથી તમે ઇચ્છાનુસાર ફળ મેળવી શકશો. તમારી ઇચ્છા હોય તો સંસારના બે ઘડી આનંદ આપનારા વિષયી પદાર્થો પાછળ તેનો નાશ કરી શકો છો. નહિ તો મુક્તિની દિશામાં તેનો ઉપયોગ કરી તેને તમારા પ્રભુનું પવિત્ર મંદિર પણ બનાવી શકો છો. દિવસો ચાલ્યા જાય છે તેમ જીવન પણ ટૂંકું થતું જાય છે. એટલે જો ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો અત્યારથી જ પ્રયત્ન કરવાની જરૂર છે. દુનિયામાં અનેક પુરુષો થયા છે પણ આપણે તો થોડાક મહાન પુરુષો કે જેણે પ્રભુની પ્રસાદી ચાખી છે તેમને જ જાણીએ છીએ. હજારો જન્મ્યા ને કાળના પ્રવાહમાં અદૃશ્ય થયા. આપણે પણ જો અસાવધ રહીશું તો તે જ દશા પામવાના. માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઇએ ને મહાન સંત પુરુષોના ગુણો આપણામાં ઉતારી પ્રેમ, શાંતિ ને આનંદની મૂર્તિ બની જવું જોઇએ. ત્યારે જ આપણું જીવન કૃતકૃત્ય થશે.

ઈશ્વરના પ્રેમમાં મસ્ત રહેવામાં જેટલો આનંદ છે તેટલો સંસારભરમાં ક્યાંય નથી. આત્માના આનંદમાં મસ્ત રહેવામાં જેટલી મજા છે તેટલી સારીના સૃષ્ટિ કોઇ પણ પદાર્થમાં નથી. અરે, ઈશ્વરની પાછળ આંસુ સારવામાં જે રંગ છે તેનું બિંદુ પણ સ્વર્ગના ભોગસુખમાં નથી. માટે એ પ્યારા પ્રિયતમમાં જ રહેવું જોઇએ. એનું જ સ્મરણ કરવું જોઇએ ને એના જ ધ્યાનમાં મસ્ત રહેવું જોઇએ.



# બીલીપત્ર

એક સાધક

## (૧) શ્રમ નહિ, તો ભોજન નહિ

જેન શિક્ષક હાઇથાકુજો ૮૦ વર્ષની ઉમ્મરે પણ પોતાના શિષ્યો સાથે ખેતરમાં ખોદવાનું, નીંદવાનું કે સફાઇનું કામ કરતા. પોતાના ગુરુ આ રીતે આટલી મોટી ઉમ્મરે ખેતરમાં કામ કરે તે ઘણા શિષ્યોને ન ગમતું. તે માટે તેઓએ ગુરુને વિનંતી કરી જોઇ, પણ તેઓ માન્યા નહિ. આથી કેટલાક શિષ્યોને વિચાર સૂઝયો કે "લાવોને આપણે ગુરુજીનાં કામ કરવાનાં ઓજારો જ સંતાડી દઇએ, પછી ગુરુજી શાનાથી કામ કરશે?"

આમ વિચારી તેઓએ ગુરુજીના ખેતરમાં કામ કરવાનાં ઓજારો સંતાડી દીધાં. બીજા દિવસે ગુરુએ પોતાનાં સાધનો શોધ્યાં પણ તે મળ્યાં નહિ. શિષ્યોને પૂછ્યું, પરંતુ તેઓએ પણ સાધનોની ભાળ ના આપી. પરંતુ સાધનો ન મળતાં ગુરુજીએ તે દિવસે ખાવાનું છોડી દીધું. બીજો દિવસ અને ત્રીજો દિવસ પણ આમ ગુરુજીએ ખાધા વગર વીતાવી દીધો. આથી શિષ્યોને દુઃખ થયું. તેથી ચોથા દિવસે શિષ્યોએ સંતાડેલાં સાધનો ચોરીછૂપીથી તેમની જગાએ ગોઠવી દીધાં. સાધનો જોતાં જ ગુરુજી પાછા પોતાની ટેવ મુજબ કામે લાગી ગયા. આમ શ્રમ કરીને ચોથા દિવસે ગુરુએ ભોજન કર્યું. તેથી શિષ્યોને આનંદ થયો.

શિષ્યોએ ગુરુજીની માફી માગી. તેઓએ કહ્યું, "કોઇ વાંધો નહિ, પરંતુ છોકરાઓ યાદ રાખજો કે જે દિવસે શ્રમ નહિ, તે

દિવસે ભોજન પણ નહિ. ઉત્પાદક શ્રમ કર્યા સિવાય, મનુષ્યને ભોજન માટેનો કોઇ અધિકાર નથી."

જૈન ગુરુ શ્રી હાઇથાકુજોએ પોતાના આચરણ વડે શ્રમના મહિમાનો આ ઉપદેશ શીખાવ્યો.

* * *

### (૨) આત્મિક આનંદની શ્રેષ્ઠતા

ભગવાન મહાવીરના સમયમાં રંકપુણી નામે એક સંત મહાપુરુષ મગધના રાજ્યમાં રહે. તે વખતે મગધમાં રાજા શ્રેણિક રાજ્ય કરતો હતો. તે એક વાર ભગવાન મહાવીર પાસે ગયો ત્યારે તેઓએ તેને જણાવ્યું કે "હે રાજા, તારાં કર્મોને લીધે તારે નરકમાં જવું પડશે." તે સાંભળી રાજા ધ્રૂજી ગયો.

તેણે મહાવીર ભગવાનને પ્રાર્થના કરી કે એમાંથી છૂટવાનો કોઇ ઉપાય બતાવો. તો ભગવંત બોલ્યા, "રંગપુણી જો તેનું પુણ્ય તને આપે તો નરકની ગતિમાંથી તારો ઉદ્ધાર થાય."

આથી રાજા શ્રેણિક રંકપુણી એક ઝૂંપડામાં જ્યાં રહેતા હતા ત્યાં ગયો અને ભગવાન મહાવીરે કહેલી વાત કરી, જો તે પોતાનું પુણ્ય આપે તો સમગ્ર મગધનું રાજ્ય આપવાનું જણાવ્યું.

સંતે શાન્તિથી બધી વાત સાંભળી લીધા પછી કહ્યું, "હે રાજન્, હું ભગવાન મહાવીરનો એવો કાચો શિષ્ય નથી કે અંતરની આનંદની મસ્તીના સાગરનો ત્યાગ કરી, એક અંજલિ જેટલા તારા રાજ્યનો સ્વીકાર કરું, જેનાથી કેવળ દુ:ખ જ પ્રાપ્ત થતું રહેવાનું."

રંકપુણીની આવી આનંદમસ્તી જોઇ રાજા સ્તબ્ધ બની ગયો.



તેને આજે પહેલીવાર રાજ્યપ્રાસાદના વૈભવી અને વિલાસી સુખોની તુચ્છતા સમજાઇ. તેમનાથી પણ ઉચ્ચ પ્રકારના સુખની અનુભૂતિ રંગપુણીના મુખ ઉપર નિહાળી.

* * *

### (૩) સત્યને પુરસ્કાર

એક દિવસ રાજા ફ્રેડરિક વિલિયમ પહેલો પોસ્ટડામની જેલ જોવા માટે ગયો. તો જેલના કેદીઓએ એક પછી એક ફરિયાદ કરી કે તેઓને ખોટી રીતે સજા ફરમાવવામાં આવી છે, અને તેઓને છોડી મૂકવા જોઇએ એવી વિનંતી કરી. કોઈકે કહ્યું કે ન્યાયાધીશ સાહેબે પૂર્વગ્રહથી મને આ સજા કરી છે, તો વળી બીજા કોઇકે કહ્યું, ખોટા સાક્ષીઓ ઊભા કરી મને આ સજા ફરમાવવામાં આવી છે.

આમ એક પછી એક એમ બધા જ ઓરડાઓમાં પૂરાયેલા કેદીઓએ કહ્યું, પરંતુ તેમાંની એક ઓરડીના કેદીએ કોઇ ફરિયાદ ના કરી. આથી રાજાને આશ્ચર્ય થયું. તેણે સામેથી પૂછ્યું, "અરે ભાઇ, તારે કંઇ ફરિયાદ કરવાની નથી? તને પણ કોઇએ અન્યાય કર્યો નથી શું?" તો કેદીએ સ્વસ્થતાથી ઉત્તર આપતાં જણાવ્યું, "ના સાહેબ, મારે કોઇ ફરિયાદ મારી સજા અંગે કરવાની નથી, કારણ હું આપ નામદારની સમક્ષ જૂઠું બોલી શકું, પરંતુ મારા આત્માને હું શી રીતે જૂઠું બોલી ઠગી શકવાનો? હું ખરેખર ગુન્હેગાર છું અને જે સજા મને ફરમાવવામાં આવી છે તે યોગ્ય જ છે."

રાજાએ તુર્ત જ કૃત્રિમ ગુસ્સાનો ભાવ ધારણ કરી પાસે ઉભેલા જેલરને આદેશ આપતાં કહ્યું, "જલ્દીથી આ ઓરડીનું

તાળું ખોલી નાંખો અને આ ગુન્હેગારને બહાર કાઢી મૂકો, નહિ તો જેલના બીજા નિર્દોષ કેદીઓને પણ તે બગાડશે."

જેલરે એ સાચા-બોલા કેદીને તુર્ત જ છોડી મૂક્યો અને બીજા કેદીઓ એકબીજાના મુખ સામે વિસ્ફારિત આંખે તાકતા આ દૃશ્ય જોઇ રહ્યા!

(જ્ઞાનગંગાના આધારે)

## શ્રી શ્રી મા આનંદમયી

"સમય પાકે નહિ ત્યાં સુધી કશું બનતું નથી. અધિકાર વિના કોઇ કશું પામતું નથી. જેને જેટલું મળવાનું છે તેટલું જ તે મેળવે છે, ન વધારે કે ન ઓછું."

"દૃશ્યમાન જગત મારું જ પ્રગટ રૂપ છે. મારા વિના એની કોઇ પારમાર્થિક સત્તા નથી."

"હું તો સદા-સર્વદા તમારી સાથે જ છું. તમે જોવા માગતા નથી. હું શું કરું? એટલું ધ્યાનમાં રાખજો કે તમે શું કરો છો, શું નથી કરતા, એના પ્રત્યે નિરંતર મારું ધ્યાન હોય છે."

"તમે સૌ એક જ લક્ષ્ય રાખો સિદ્ધ થશે જ."

"આ શરીરની પાસે જે લોકોએ આશ્રય ગ્રહણ કર્યો છે, તેમનું ક્યારેય પતન થવાનું નથી... અને જે લોકો આ શરીરની પાસે નથી આવ્યા, ફક્ત દૂરથી તેનું સ્મરણ કર્યું છે, તેમનું પણ પતન થવાનું નથી."

મા આનંદમયી



# અધ્યાત્મની ઓળખ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

વિદ્યાઓ અનેક પ્રકારની છે પરંતુ આવી સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા સર્વોત્તમ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણે અધ્યાત્મ-વિદ્યાને પોતાની દિવ્ય વિભૂતિરૂપ ગણાવતાં કહ્યું છે કે સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા મારી દિવ્ય વિભૂતિ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આત્માના ભાવને અધ્યાત્મ કહેલ છે.

આમ આત્મા વિશેની વિદ્યા અધ્યાત્મ કહેવાય છે. અંતિમ સત્ય શોધી કાઢવાની દૃષ્ટિએ જે અનુભવોનું મંથન કરાય છે તે અધ્યાત્મવિદ્યા છે. આપણા અનુભવમાં આવતા પદાર્થોમાં નિત્ય શું અને અનિત્ય શું એ શોધી કાઢવાની વિદ્યા તે અધ્યાત્મવિદ્યા છે. આ અધ્યાત્મવિદ્યા પરાવિદ્યા પણ કહેવાય છે. આ વિદ્યાનો પ્રારંભ વેદોમાં થયો છે અને ઉપનિષદોમાં તે પૂર્ણતાને આરે પહોંચેલ છે. ઉપનિષદો અધ્યાત્મવિદ્યાનો ભંડાર છે.

આજે ઘણા લોકો પોતે અધ્યાત્મવાદી અથવા અધ્યાત્મજ્ઞાની છે એમ માને છે અથવા કહેવડાવે છે. તો સાચા અધ્યાત્મવાદી કે અધ્યાત્મજ્ઞાનીને ઓળખવા શી રીતે?

આવી અધ્યાત્મજ્ઞાનીની બુદ્ધિ વ્યવસાયાત્મિકા હોય છે. અર્થાત્ તેઓ પોતાને દેહ કે મન નહીં પણ આત્મા જ માનતા હોવાથી દૃઢતાપૂર્વક કોઇ નિશ્ચય કરે તો તેમાં શારીરિક કે માનસિક દુઃખોને જરાય ગણકારતા નથી. રમણ મહર્ષિને ભયંકર ગુમડું થયું હતું, છતાં ક્યારેય એમના મુખ પર દુઃખના ભાવો

જણાતા ન હતા. રામકૃષ્ણ પરમહંસ કેન્સરથી પીડાતા હતા, છતાં પણ જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ જાણે પોતાને કેન્સર થયું જ ન હોય એમ વર્તતા હતા. અધ્યાત્મવાદી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પણ પોતાની સમતા જાળવી શકે છે. બીજો મનુષ્ય આધિ, વ્યાધિ તથા ઉપાધિમાં ખૂબ જ બેચેન બની જઇ ઉગ્રતા તથા વ્યગ્રતાને આધીન થાય છે.

અધ્યાત્મવાદીને ક્યારેય મૃત્યુનો ડર સતાવતો નથી. તે પોતાનું કર્તવ્ય બજાવવામાં ક્યારેય પાછો પડતો નથી.

અધ્યાત્મવાદી ક્યારેય ફળની આશાથી સત્કાર્ય કરતો નથી, કારણ કે સત્કાર્ય ક્યારેય દુ:ખદાયી હોતું નથી પણ સત્કાર્ય કરવા છતાં ઘણીવાર પરિણામ દુ:ખદાયક આવે છે કારણ કે પૂર્વજન્મના કે ભૂતકાળના કર્મોનાં ફળ તો ભોગવવાં જ પડે છે. આવી વ્યક્તિનું કોઇ અપમાન કરે ત્યારે તે બદલો લેવાને બદલે વિચાર કરે છે કે મારી કોઇ ભૂલ તો નથી થઇ?

અધ્યાત્મવાદી ઘાસ ખાઇને દૂધ આપતી ગાય જેવો છે. કોઇએ એનું જરા સરખું પણ ભલું કે સારું કર્યું હોય તો તે આવી ભલાઇનો અનેકગણો બદલો વાળી આપવા તત્પર રહે છે. પરમાત્મા પાસેથી આવો સ્વભાવ તેને વારસામાં મળેલો હોય છે.

અધ્યાત્મવાદીની ભાવના આત્મવત્ સર્વભૂતેષુ જેવી હોય છે. કોઇપણ અજાણી વ્યક્તિ પ્રત્યે કે શત્રુ પ્રત્યે પણ એના હૃદયમાં પ્રેમની લાગણી હોય છે. યોગેશ્વરજીની આવી ભાવના મેં અનેક પ્રસંગે જોઇ હતી.

અધ્યાત્મવાદીની કરુણા અપાર હોય છે. કોઇપણ વ્યક્તિ દુ:ખ અનુભવે ત્યારે પોતે પણ આવી દુ:ખની લાગણી અનુભવે છે. આ



કારણથી જ હંસ પર તીર છોડાતાં ભગવાન બુદ્ધ ખૂબ જ વ્યથિત થયા હતા અને સારસપર તીર છોડાતાં વાલ્મીકિ મુનિએ દુ:ખ અનુભવ્યું હતું. સાવ કંગાળ, એમાંય વૃદ્ધ અને એમાંય કોઇ સ્ત્રીએ આપણી સામે મદદ માટે હાથ લાંબો કર્યો હોય અને આપણી સ્થિતિ સારી હોય છતાં આપણે એ હાથ પાછો ઠેલીએ તો સમજવું કે આપણે અધ્યાત્મવાદ એ માત્ર દંભ છે. આવી જ રીતે પોતાની આવકમાંથી અમુક ભાગ નિયમિત રીતે દાનમાં ન વાપરનાર વ્યક્તિએ આધ્યાત્મિક સિદ્ધિની આશા જ છોડી દેવી.

અધ્યાત્મવાદી નિખાલસ હોય છે. તે પોતે જેવો હોય તેવો જ દેખાવાનો પ્રયત્ન કરે છે. એના વિચાર, વાણી અને આચારમાં એકતા હોય છે. અસત્ય બોલવું, છેતરપીંડી કરવી, ઓછી સેવા માટે વધારે બદલો માંગવો, કોઇની નિંદા કરવી, સામી વ્યક્તિના માત્ર અવગુણ જ જોવા, કોઇનાં ખોટાં વખાણ કરવાં અથવા પોતાનાં ખોટાં વખાણ કરાવવાં—આવું બધું એના સ્વભાવમાં હોતું જ નથી.

અધ્યાત્મવાદીને જેટલો પ્રેમ પોતાના ઉપર હોય છે એટલો જ પ્રેમ સહુ વ્યક્તિ ઉપર હોય છે. એને તમામ પ્રાણીઓ, પંખીઓ અને વનસ્પતિ ઉપર પણ પ્રેમ હોય છે, કોઇ લીલું ઝાડ કાપે તો એના હૃદયમાં અરેરાટી થાય છે. પરમહંસ રામકૃષ્ણ અધ્યાત્મની એટલી ઉચ્ચકક્ષા ઉપર પહોંચ્યા હતા કે છોડ ઉપરથી પુષ્પ ચૂંટવાની પણ તેઓ ના પાડતા. મહાત્મા યોગેશ્વરજીને પણ આવી રીતે પુષ્પો છોડ ઉપરથી તોડી પ્રભુને ચઢાવવાનું ગમતું નહિ.

અધ્યાત્મવાદીમાં અનૈતિક કામવાસના હોતી નથી. પોતાની પત્ની સિવાયની પોતાનાથી નાની વયની સ્ત્રીઓ પ્રત્યે તે દીકરી

જેવો ભાવ રાખે છે, સમાન વયની સ્ત્રીઓ પ્રત્યે બહેનનો ભાવ રાખે છે અને પોતાનાથી મોટી વયની સ્ત્રીઓ પ્રત્યે તે માતૃભાવ રાખે છે.

અધ્યાત્મવાદી સામાન્ય રીતે ક્રોધથી પર હોય છે પણ સામી વ્યક્તિને અનિષ્ટમાંથી બચાવવા ક્યારેક તે ક્રોધનો આશ્રય લે છે. ક્યારેક તેણે ઘાંટો પણ પાડવો પડે છે. આવી વ્યક્તિઓનો ક્રોધ દેવોના ક્રોધની માફક વરદાન જેવો હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મસભા ચાલતી હતી ત્યારે ત્યાં અચાનક એક મોટો સાપ નીકળ્યો. શ્રોતાઓમાં નાસભાગ થઈ રહી, પણ એક સાતેક વર્ષનો નિર્દોષ બાળક એ સાપને જીવતું રમકડું સમજી તેને પકડવા દોડયો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એને તમાચો મારીને પાછો કાઢયો હતો.

અધ્યાત્મવાદી ક્યારેય લોભ કરતો નથી, મનુષ્ય પોતાના કુટુંબ માટે તથા ભવિષ્યને માટે ધન તથા સ્થાવરજંગમ મિલ્કત રાખે અથવા એનો સંચય કરે એ સ્વાભાવિક છે પણ શરીરમાં જેમ ચરબી વધવાનો રોગ થાય છે તેમ મનમાં પણ એવો જ લોભનો રોગ થાય છે. મારા એક શ્રીમંત મિત્ર પાસે આશરે ૧૪ કરોડ રૂપિયાનાં તો માત્ર મકાનો જ હતાં! જ્યારે મળવા જાઉં ત્યારે કપાળ કૂટે અને બોલે કે સત્યાનાશ જજો આ સરકારનું! હું મરીશ ત્યારે આ ૧૪ કરોડના મકાનોમાંથી ૧૨ કરોડ તો સરકાર વેરાપેટે લઈ જશે! સરકારને ક્યાં ખબર છે કે આટલાં નાણાં કમાતાં મને કેટલો પરિશ્રમ પડયો છે! (ટેલીફોનમાં લીધાદીધાના સોદામાં જ તેઓ કમાયા હોવાથી ખરો પરિશ્રમ તો ટેલીફોનને પડયો હતો! એમને નહીં!)



મેં કહ્યું : તો ય તમારા દીકરા પાસે રૂા. બે કરોડ તો બચશે જ. પછી ચિન્તા શાની છે?

આ શેઠના ધનની રક્ષા માટે તથા વૃદ્ધિ માટે એમના પૂજાના વિશાળ ઓરડામાં અનેકાનેક દેવદેવોની મૂર્તિઓ, યંત્રો તથા છબીઓ 'મ્યુઝિયમ'ની માફક ગોઠવેલાં જોવા મળ્યાં.

પછી કહે : ગુરુદેવ, મને અધ્યાત્મમાં ખૂબ જ રસ છે! અધ્યાત્મવાદીને મોહ, મમતા હોતાં નથી. એનું મન કશાયમાં આસક્ત થતું નથી. ભિક્ષુ અખંડાનંદ માત્ર એક લંગોટી જ પહેરતા. ઓઢવાપાથરવાનું પણ ભાગ્યે જ રાખતા. એમની પાસે થેલીમાં કોરા કાગળ, શાહીનો ખડિયો તથા એક કલમ—એટલી જ ચીજો રહેતી અને આજના અખંડાનંદ કાર્યાલય પાસેથી ફૂટપાથ-પર બેસી તેઓ લેખો લખતા મેં જોયા હતા. એક વાર કોઈએ એમને એક સરસ મોટી મૂર્તિ ભેટ આપી. મનુ સુબેદાર એમને મળવા આવ્યા ત્યારે એમના મનમાં વિચાર આવ્યો કે આવી સરસ મૂર્તિ મારી પાસે હોય તો કેવું સારું!

ભિક્ષુ અખંડાનંદ એમના મનની વાત સમજી ગયા અને એ મૂલ્યવાન મૂર્તિ એમણે તરત જ મનુ સુબેદારને ભેટ આપી દીધી. મનુ સુબેદાર આ ઘટનાથી એટલા તો પ્રભાવિત થયા કે ત્યારપછી એમણે પોતાની તમામ શક્તિ સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય વિકસાવવા પાછળ રેડી અને ગુજરાતે અસંખ્ય સરસ પુસ્તકો સાવ સસ્તી કીંમતે આપવાનું શરુ કર્યું.

અધ્યાત્મવાદી કોઈની ઈર્ષ્યા કરતો નથી. સામી વ્યક્તિનો ઉદય અને અભ્યુદય જોઈને તે રાજી થાય છે. કેટલાક લોકો જવાસાના છોડ જેવા હોય છે. ધન વરસે અને વન પાંગરે ત્યારે

જવાસાના છોડાનાં પાન કરમાવા લાગે છે. આવી વ્યક્તિઓ અધ્યાત્મમાં આગળ વધી ન શકે.

અધ્યાત્મવાદી ક્યારેય અભિમાનને વશ ન થાય.

અધ્યાત્મવાદી નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરે પણ તેનાથી જે કંઈ મળે તેનાથી સંતોષ માને છે.

અધ્યાત્મવાદી આગળ એક પુષ્પ મૂકો તો તે બોલી ઉઠશે કે : આહા! પરમાત્માનું કૌશલ્ય તો જુઓ! કેવું સુંદર પુષ્પ બનાવ્યું છે!

વૈજ્ઞાનિક આગળ એક પુષ્પ મૂકો તો તે તેને પ્રયોગશાળામાં લઈ જઈ પૃથક્કરણ માટે એની પાંદડીઓની કતલ કરી નાંખશે.

વેપારી પાસે પુષ્પ મૂકો તો તે આ પુષ્પની કીંમતનો વિચાર કરશે.

કામી પુરુષ આવા પુષ્પને પ્રિયતમાના અંબોડામાં ખોસવાનું વિચારશે!

રાક્ષસ હશે તે આ પુષ્પને પગ નીચે કચડી નાંખશે.

અધ્યાત્મવાદી શરીરને જોશે તો તે તેને આત્મદેવનું દેવાલય જણાશે. એને સર્વત્ર પરમાત્માની લીલાનાં જ દર્શન થશે.

માત્ર અમુક પ્રકારના પહેરવેષથી, ટીલાંટપકાંથી કે દેખાવ પૂરતા ક્રિયાકાંડમાંથી અધ્યાત્મવિદ્યા પ્રગટે નહીં. આધ્યાત્મિક સાધના કરનારે આટલું તો અવશ્ય પ્રથમ જાણી લેવું જોઈએ.



પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

# * ધ્યાન-સાધના શિબિર *

## તા. ૧૮ માર્ચથી ૨૨ માર્ચ ૯૨

આ વર્ષે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં ચૈત્રી એકમથી પાંચમ સુધી (ચૈત્રી નવરાત્રિ દરમ્યાન) એટલે તા. ૧૮ માર્ચથી ૨૨ માર્ચ ૧૯૯૨ સુધી એમ પાંચ દિવસની ધ્યાન સાધના શિબિર અંબાજી ખાતે સ્વર્ગારોહણ તીર્થમાં રાખવામાં આવી છે.

જે સાધક ભાઈ-બહેનો આ શિબિરમાં જોડાવા માગતા હોય તેઓએ સીધાં તેઓનાં નામ, સરનામું, ઉમ્મર ને વ્યવસાયની વિગતો સાથે તા. ૧૦-૩-૯૨ સુધીમાં લખી જણાવવું.

કેન્દ્રોવાળા ભાઈઓ પોતાને ત્યાંના ભાઈબહેનોનાં નામો એક સાથે ભેગાં કરી મોકલાવે.

શિબિરાર્થીએ પોતાની સાથે શેત્રંજી ને ઓઢવાનું તથા બેટરી વગેરે લાવવાં. તે ઉપરાંત આસન, માળા, સરલ ગીતા, વિષ્ણુ સહસ્ર, શિવમહિમ્ન, પ્રેરક પ્રાર્થના ને તુલસીદળનાં પુસ્તકો તથા ટપાલો પણ લાવવાં.

શિબિરાર્થીને એક ટંક ફળાહાર ને સાંજે સાદુભોજન આપવામાં આવશે. રહેવા જમવાનો પાંચ દિવસનો ખર્ચ રોજના રૂા. ૨૦ પ્રમાણે સાધકે સ્થળ ઉપર આપવાનો રહેશે. શિબિરમાં જોડાવા ઇચ્છનાર સાધક ભાઈબહેનોએ તા. ૧૦-૩-૯૨ સુધીમાં નીચેના સરનામે લખવું.

મેનેજર શ્રી,<br>
સ્વર્ગારોહણ-માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ,<br>
દાંતા રોડ, **અંબાજી**, જિલ્લા બનાસકાંઠા-૩૮૫૧૧૦

ધ્યાનકેન્દ્રોએ પોતાની હકીકત સંકલિત કરી આવનાર સાધકોની સંખ્યા સમયસર ઉપરોક્ત મેનેજરશ્રીને જણાવી દેવી. મોડી જાણ કરનાર શિબિરાર્થીઓને શક્ય હશે તો સમાવવામાં આવશે.

પ્રકાશના પંથે

# પુસ્તક વાંચન અંગે સ્પર્ધાઓ

તંત્રી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા "પ્રકાશના પંથે" પુસ્તકનાં પ્રકરણ ૧૩ થી પ્રકરણ ૪૬ સુધી એટલે પાના નં. ૧૦૫ થી ૩૦૫ (૨૦૦ પાનાં) અંગેની લેખિત સ્પર્ધાઓ ધ્યાનસાધના શિબિરના દિવસો દરમ્યાન એટલે તા. ૧૮–૩–૯૨ થી ૨૨–૩–૯૨ સુધીમાં અંબાજી ખાતે યોજવાનું શિબિર આયોજક શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે નક્કી કર્યું છે. આ માટે સ્પર્ધકોની વયની કક્ષા પ્રમાણે ત્રણ વિભાગ રહેશે.

પ્રથમ વિભાગ ૮ વર્ષથી ૧૨ વર્ષના સ્પર્ધકોનો, બીજો વિભાગ ૧૨ વર્ષથી ૨૦ વર્ષના સ્પર્ધકોનો અને ત્રીજો વિભાગ ૨૦ વર્ષથી ઉપરનાં ગમે તેટલી વયના. આ સ્પર્ધા બધા વિભાગો માટે લેખિત રહેશે. દરેક વિભાગમાં પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઇનામ આપવામાં આવશે. સ્પર્ધકોએ પોતાનાં નામ, ઉમ્મર, સરનામા વગેરે સાથે અરજીપત્ર નીચેના સરનામે તા. ૧૫–૩–૯૨ સુધીમાં મોકલાવી આપવું.

મેનેજર શ્રી,
સ્વર્ગારોહણ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ,
દાંતા રોડ, અંબાજી. જિલ્લા બનાસકાંઠા, ૩૮૫૧૧૦.

ગુજરાતી ભાષા ન જાણનાર બાળકો હિન્દી–'પ્રકાશ પથકા યાત્રી'ના આધારે પ્રકરણ ૫ થી પ્રકરણ ૧૪ સુધી સ્પર્ધા માટે તૈયાર કરે.



## * પ્રકૃતિ–ત્રય *

સત્તા–બળે, મર કીધો રૂપનો શિકાર,
લંકેશ! બંધુ તવ મૃત્યુ નિમિત્ત થાય!
લિપ્સા ન ગાદીની વિભીષણને જરાય;
આસ્થિત સત્ય–વિજયે, શું અસત્ય કાળ!

વાલીની વાત વસમી! વર દોષ, સુગ્રીવે,
રે બંધુ મૃત્યુની કથા! વરળી ગવાઇ.
ના દોષ–મુક્ત ઉભયે! વિભુતા સવાઇ;
વૈરાગિનમાં ભસમ, શેષ શું રાજ્ય લિપ્સા?

સત્તાની હસ્તિની કરે અભિષેક તોયે,
નિર્લિમભાવ, ભરતે અસ્વીકાર કીધો;
બંધુ–પ્રીતિ ચરમનો પયગામ દીધો,
નિઃશેષ ત્યાગ, અજરામર–ઘૂંટ પીધો.

આ સત્ત્વ ને રજસ–તામસની કથાઓઃ
કોટીક અન્તરની માર્મિક આ વ્યથાઓ.

ડો. રણજિત પટેલ (અનામી)

## * એક લાકડે બળવાના *

(રાગ : હરિગીત પ્રભાતીઆનો)

ખાલી આવ્યા, ખાલી જઈશું,
સાથે કંઈ નહિ લેવાના,
તારી કમાણી, અહિંયા રહેશે,
પાછળના ને, દેવાના.... ખાલી૦

જમીન જાગીરી, વાડી બંગલા,
સાથે કંઈ નહિ, લેવાના,
તારી કમાણી, અહિંયા રહેશે,
પાછળના ને, દેવાના.... ખાલી૦

જૂઠી રે માયા, જૂઠી રે કાયા,
જૂઠાં જોરું જાયા રે,
અંત સમયે, કોઈ ન ધાયા,
ખોટાં તેમાં ફસાયા રે.... ખાલી૦

ઉચાટ મનમાં થાય અનેરો,
મારું રળેલું કોણ ખાવાનાં,
કાળ કોળીઓ કરશે ત્યારે,
વ્હેલાં મોડાં સૌ જાવાનાં.... ખાલી૦

ગરીબ તવંગર, રંક ને રાય,
સ્મશાને સૌ, સીધાવાના,
દાસ દુર્લભ, કહે કર જોડી,
સૌ, એક લાકડે, બળવાના.... ખાલી૦

શ્રી દુર્લભજી ભક્ત (સ્યાદલા)



# માનવના મન અંગેનું અજ્ઞાન

યોગેન્દ્ર પરીખ

**૧. માણસ જ્ઞાન વિના જીવી શકતો નથી. જ્ઞાનના મુખ્ય બે પ્રકાર છેઃ**–વિજ્ઞાન અને આત્મજ્ઞાન. વિજ્ઞાન કે સાયન્સ ખાસ કરીને ઈન્દ્રિયોને દેખાતા જગતનું જ્ઞાન મેળવી આપે છે. આત્મજ્ઞાન ઈન્દ્રિયોને ન દેખાતા આત્મસ્વરૂપનું એટલે ઈશ્વરનું જ્ઞાન આપે છે. વીસમી સદીને વિજ્ઞાનયુગ કહેવો જોઈએ. ગયા પાંચ દાયકામાં વિજ્ઞાનની સર્વ શ્રેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ થઈ. વિજ્ઞાને મેળવેલા જ્ઞાનથી જગતની રચના ઘણી સ્પષ્ટ થઈ. આ નવા જ્ઞાનથી જગતના મૂળ દ્રવ્યની કલ્પના આવી. આપણા વિશ્વનો વિસ્તાર કેટલો પ્રચંડ છે અને તેમાં પ્રતિક્ષણે કેટલી ગડભાંજ થાય છે તેનો અંદાજ આવ્યો. તદુપરાંત જીવપ્રાણી માનવદેહ સુધી કેવી કેવી રીતે ઉત્ક્રાન્તિ કરતો પહોંચ્યો એ બરાબર સમજાયું. ઉત્ક્રાન્તિની પ્રક્રિયામાં હવે પછી માણસની શરીરરચનામાં ફેરફાર નહિ થાય. એના દેહના અવયવો એવા જ રહેશે. પરંતુ તેના શરીરના કોષો આનાથી વધુ એટલે અતિશય સંવેદનશીલ થશે. એના મગજની પુનર્રચના થશે. સૌથી મહત્ત્વની વાત એ કે માણસના મનની મોટી ઉત્ક્રાન્તિ થશે અને એક નવું શ્રેષ્ઠ મન તૈયાર થશે એમ ઉત્ક્રાન્તિવાદી કહે છે.

વિજ્ઞાને મેળવેલા નવા જ્ઞાનનું માનવસમજ પર થતું પરિણામ ઉઘાડી આંખે દેખાય છે. સર્વ દેશોના માણસોની જીવનપદ્ધતિમાં વિજ્ઞાને મોટો ફેરફાર આણ્યો છે. ઘરની રચના, ખાવા–પીવાની ટેવ, કપડાંના પ્રકાર, તથા ફેશન, નોકરી ધંધા, સૌંદર્ય-

પ્રસાધનો, મનોરંજનના સાધનો, પ્રવાસના વાહનો, દવાદારૂનાં યંત્રો, શિક્ષણના વિષય, કુટુંબજીવન અને ઉત્સવ સમારંભ આ બધામાં કલ્પનાતીત પરિવર્તન આવ્યાં છે. સહેજે અનુભવાતું આ જાગતિક પરિવર્તન કોઇ નકારી શકતું નથી. પરંતુ આ પરિવર્તનની એક મર્યાદા દેખાય છે. આ પરિવર્તન માણસના અંતઃકરણમાં પ્રવેશીને ઊંડે ઊતર્યું નથી. કારણકે માણસની ક્ષુદ્ર અને સ્વાર્થી વાસના, એનો ભય અને ચિંતા, એની અસલામતીની ભાવના તેની પૈસા પાછળની દોટ, એની વિકૃત કામવાસના, એના ક્રોધદ્વેષ વગેરે. સ્વપરઘાતક વિકાર, એની ક્ષુદ્ર હુંસાતુંસી, તેનો અસત્ય માટેનો પ્રેમ અને સુખી જીવનની એની ભ્રામક કલ્પના, એમાં પરિવર્તન થયું નથી. નવી ફેશનના કપડામાં, નવી સુખ-સગવડોમાં જીવનારો આજનો માણસ નવી વિદ્યાથી સંપન્ન છે. પરંતુ તે જૂના માણસ જેવું જ વિવેકશૂન્ય અને વિકારવશ જીવન જીવે છે. એના દેહસુખ અને સ્વાર્થને આંચ આવે કે આજેય એ પહેલાંની જેમ જ મનની હીન અવમાનવ ભૂમિકાએ ઊતરીને પ્રતિક્રિયા કરે છે. એનો નિશ્ચિતપણે એવો અર્થ થાય કે વિજ્ઞાને માણસના દેહને માટે ઘણી સુખસગવડો આપી; એની ઇન્દ્રિયોને લાડ લડાવવા ઘણાં સાધનો નિર્માણ કર્યાં, પરંતુ આ જ્ઞાનથી માણસની માણસાઇમાં સુધારો નથી થયો. વિજ્ઞાનની પ્રગતિએ બાહ્ય જગતમાં જે હિતકારી પરિવર્તન આણ્યાં તેવાં માણસના મનમાં તે લાવી ન શકાયાં. આનું કારણ એ જ કે વિજ્ઞાનને માણસના મનનું જેટલું જ્ઞાન થવું જોઇએ એ થયું નથી.

માણસની માણસાઇનાં વિકાસનો આધાર એને મળતા અનુભવોની વ્યાપકતા પર છે. માણસનું મન જ તેના અનુભવનું



અને તેમાંથી નિર્માણ થતાં જ્ઞાનનું મુખ્ય સાધન છે. તેથી માણસને પોતાના મનનું અજ્ઞાન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તેના અનુભવનું ક્ષેત્ર અત્યંત સીમિત રહે છે. મનુષ્ય ઇન્દ્રિયોની સીમાને ઓળંગી શકતો નથી. ખરું જોતાં માણસના મનમાં ઇન્દ્રિયોની મદદ લીધા વિના વિશાળ અનુભવ લેવાની મોટી શક્તિ સુમાવસ્થામાં છે. દરેક યુગના સમાજમાં એવી થોડીક વ્યક્તિઓ હોય છે જેમને વિશાળ અતીન્દ્રિય અનુભવ થાય છે. શબ્દસ્પર્શાદિ ઇન્દ્રિયોની સ્વાભાવિક કક્ષાની પેલે પારના આ અનુભવો ઇન્દ્રિયોને થતાં રોજિંદા અનુભવ જેટલા જ વાસ્તવિક હોય છે. આ અનુભવોમાંથી ઈશ્વરના સાક્ષાત્કાર એટલે ઈશ્વરના દર્શનનો અનુભવ સર્વશ્રેષ્ઠ અને પવિત્ર અનુભવ મનાય છે. ઈશ્વરદર્શનના અનુભવમાં માણસનું મન ઈશ્વર સાથે સમરસ થઇને ઈશ્વરનો પ્રત્યક્ષ અનુભવ લે છે. ઈશ્વર સાથે સમરસ થવાની પાત્રતા મેળવવા માટે આજના મનનું પરિવર્તન કરવું પડે છે. જેનો અનુભવ લેવાનો હોય તેની સાથે સમરસ થવાની એક કળા છે. મનનું મૂળ દ્રવ્ય, મનની રચના અને મનના કાર્ય વિષે અજ્ઞાન છે ત્યાં સુધી આ કળા હસ્તગત નહિ થાય. વિજ્ઞાને મેળવેલું મનનું જ્ઞાન–નિદાન આજે તો એટલું અલ્પ છે કે તેનાથી મનમાં પરિવર્તન લાવવું શક્ય નથી. તેથી માનવમનનું અજ્ઞાન નષ્ટ કરનારા જ્ઞાનની પ્રાપ્તિ માટે આપણે અધ્યાત્મ તરફ સંતોએ કહેલા તત્ત્વજ્ઞાન તરફ જ વળવું જોઇએ.

**૨. મનનું અજ્ઞાન એ જ સમસ્યાઓનું જન્મસ્થાનઃ**–ઇન્દ્રિયો દ્વારા માણસને જગતનો અનુભવ થાય છે. એ અનુભવમાં માણસનું મન જગ કરતાં જુદું રહીને જગનો અનુભવ કરે છે.

એટલે જગનો દૃષ્ટા હું અને જગ એ મારું દૃશ્ય એમ બેપણું અથવા જુદાપણું રહે છે. ઈશ્વરના અનુભવમાં ઇન્દ્રિયોનો સંબંધ નથી હોતો. ત્યાં માણસનું મન ઈશ્વરથી જુદું ન રહેતાં ઈશ્વરનો અનુભવ લે છે. એટલે દૃષ્ટા અને દૃશ્ય અથવા હું અને ઈશ્વર એમાં બેપણું કે જુદાપણું રહેતું નથી. ઈશ્વરથી જુદા ન રહેવું એટલે ઈશ્વરસ્વરૂપ હોવું. ઈશ્વરસ્વરૂપ થવાની ક્ષમતા માત્ર માણસના મનમાં જ જોવા મળે છે. એટલું જ નહિ પણ માણસના જીવનની પરિપૂર્તિ ઈશ્વરના દર્શનમાં જ અનુભવાય છે. એટલે ઈશ્વરદર્શન એ માણસનું સર્વોત્તમ ધ્યેય છે અને તેને લીધે જ ઈશ્વર એ જ સર્વશ્રેષ્ઠ સેવ્ય અને ઉપાસ્ય છે. મનમાં અજ્ઞાનનાં સઘટ સ્તરોને લીધે મનુષ્ય આ ધ્યેય ભૂલી જાય છે. પછી તે ઈશ્વર સિવાયનાં અન્ય ઉપાસ્યો પાછળ દોડે છે. ઈશ્વરની વિસ્મૃતિ અને અન્ય ઉપાસ્યોની આસક્તિના ફળસ્વરૂપે માનવજીવનમાં અનેક જીવનવ્યાપી સમસ્યાઓ નિર્માણ થાય છે. માણસ કોઈ પણ સ્થળે, ગમે તે પરિસ્થિતિમાં હોય એના જીવનમાં દુઃખ, ભય, ચિંતા, અસલામતી, અશાંતિ અને અસમાધાનનો સામનો કરવો પડે છે. આ કાંઈ આપણી કલ્પના નથી. જુદી જુદી ભાષાઓ બોલનારા તેમ જ ભિન્ન સમાજમાં ભિન્ન વ્યવસાયમાં જીવનારા અનેક નાના મોટાં સ્ત્રીપુરુષોના જીવનનો મેં અભ્યાસ કર્યો. એ સૌને અસ્વસ્થ કરનારી તથા એમના સમાધાનને હરનારી નવી અને જૂની સમસ્યાઓને નજદીકથી જોવા મળી. એ સમસ્યાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા બાદ સમજાયું કે—

(૧) સમગ્ર માનવજાતની કેટલીક મુખ્ય સમસ્યાઓ છે.

(૨) એ દુનિયાભરમાં ફેલાયેલી છે.

(૩) એનું મૂળ માણસની મનોરચનામાં રહેલું છે.



કોઈ પણ દેશનો માનવસમાજ આ સમસ્યાઓની જાળમાંથી છૂટયો નથી. કાળના પ્રવાહમાં દરેક સમાજનું બાહ્યાંગ બદલાય છે, એટલે દેશની રાજ્યપદ્ધતિ બદલાય છે. આર્થિક સ્થિતિ સારી-નરસી થાય છે, ઉદ્યોગધંધાનું સ્વરૂપ જુદું બને છે, વિદ્યા અને કલામાં પરિવર્તન આવે છે, શહેરો અમર્યાદપણે વધે છે, જીવન ખૂબ જટિલ બને છે, ધાર્મિક આધાર બદલાય છે અને એકાદ યુદ્ધ થાય તો આખો સમાજ ખળભળી ઊઠે છે. સમાજજીવનનાં વિવિધ અંગોમાં આવા અનુકૂળ કે પ્રતિકૂળ પરિવર્તનો થાય તોય જીવનની મુખ્ય સમસ્યાઓમાં ફેર પડતો નથી. ઉદાહરણાર્થે, રાજકીય પરતંત્રતામાં રહેનારા અને આર્થિક દૃષ્ટિએ ગરીબ દેશોના માણસોને દૈન્ય અને દુઃખ ભોગવવાં પડે છે. તેની પાછળનો ભય અને ચિંતા છૂટતાં નથી. એના જીવનમાં ખૂબ અસમાધાન હોય છે, તેની નવાઈ નથી. પરંતુ રાજકીય સ્વાતંત્ર્ય ભોગવનારા, લોકશાહી રાજ્યપદ્ધતિ યશસ્વી રીતે ચલાવનારા, આર્થિક સમૃદ્ધિ ભોગવનારા, વિજ્ઞાનમાં અગ્રેસરનું પદ શોભાવનારા અને યુદ્ધમાં વિજયી થનારા દેશોમાં પણ (૧) અંદરોઅંદર તુલના અને તીવ્ર સ્પર્ધા (૨) જાત, વંશ, વર્ણ ને ભાષાના ક્ષુદ્ર ભેદ (૩) નગ્ન સ્વાર્થ (૪) અમર્યાદ ધનસંગ્રહ (૫) સત્તાની અદમ્ય લાલસા (૬) ઇન્દ્રિયભોગનો વિકૃત અતિરેક (૭) કૌટુંબિક કલહ (૮) વૃદ્ધાવસ્થાનાં દુઃખો (૯) ખાટા પદાર્થોનું અત્યાધિક સેવન અને (૧૦) ચોરી અને હિંસા કરનારી ગુંડાગીરીનો બેસુમાર વધારો પ્રત્યક્ષ જોવા મળે છે. આ સમસ્યાઓ રાજકર્તાઓને તો મૂંઝવે છે જ, પરંતુ સામાન્ય જનતાને પણ સુખસમાધાનથી જીવવા દેતી નથી. વ્યક્તિના અને સમાજના જીવનમાં બધે જ તીવ્ર સ્પર્ધા અને સંઘર્ષ, અસુરક્ષિતપણું, આવતીકાલનો ભય એટલે ભવિષ્યની

ચિંતા, માનસિક ત્રાસ અને તાણ તેને લીધે થયેલી માનસિક વિકૃતિ, વ્યસનાધીનપણું, નિરાશા અને હિંસા સાથે થતાં અનાચાર વ્યાપી જાય છે.

પોતાની આસપાસના જીવનની આવી અવસ્થા જોઇને સામાન્ય માણસ તો શું, વિચારશીલ વ્યક્તિ પણ હતાશ થઇ જાય એવું બને છે. પરંતુ મનુષ્ય વિવેકશીલ પ્રાણી છે. જીવનવિવેક એમ કહે છે કે સમાજ એટલે માણસોનો સમૂહ. સમૂહના માણસોમાં એકબીજા સાથેના સંબંધો હોય છે. આ સંબંધોનો ઉગમ માણસના મનની અવસ્થામાં થાય છે. મનમાં અજ્ઞાનના જામી ગયેલાં પડળોને લીધે માણસ જીવનનું સાચું ધ્યેય ભૂલી જાય છે. સાચું ધ્યેય ભૂલાઇ જાય તો હજુ એકવાર ચાલે, પણ ખોટા આદર્શો રાખીને માણસ જીવવા માંડે તો એના જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ જન્મે છે. અઢળક પૈસો મેળવવો કે ખૂબ ભોગ ભોગવવા અથવા ઘણી સત્તા મેળવવી વગેરે માનવ-જીવનનાં ખરાં ધ્યેય નથી. **મનનું સંપૂર્ણ સમાધાન એ જ માનવજીવનનું સાચું ધ્યેય છે. આ સમાધાન શેનાથી મળશે એ નક્કી કરવું અને તે પ્રમાણે આચરણ કરવું એ વિવેકનું કામ છે.**

**૩. સમસ્યા ઉકેલવાના રસ્તા:**–માણસનો સ્વભાવ એવો છે કે જીવનમાં સમસ્યા ન હોય તો જીવન કંટાળાભર્યું લાગે. પણ સમસ્યા હોય તો તેમાંથી છૂટયા વિના એને ચેન પડતું નથી. સામાન્ય માણસને સમસ્યા નથી, એમ કદી બનતું નથી. એટલે દરેક માણસ પોતાની સમસ્યા ઉકેલવાનો પ્રયત્ન કરે જ છે. પરંતુ એના એ પ્રયત્નોમાં એક આંતર્વિરોધ દેખાય છે. જે મનમાંથી સમસ્યાઓ ઉપજે છે તે જ મનથી તે ઉકેલવાનો પ્રયત્ન કરે છે. એટલે એક દુષ્ચક્ર તૈયાર થાય છે. એક તરફ જે મન માત્ર



અજ્ઞાનને કારણે સમસ્યાઓ પેદા કરે છે તે જ મનને હાથમાં લઈને માણસ એ સમસ્યા ઉકેલવાની ખટપટ કરે છે. અર્થાત્ એ અલ્પજીવી નીવડે છે, કારણ કે એ જ સમસ્યાઓ નવીન રૂપ ધારણ કરીને ફરીથી મૂર્ત થાય છે અને માણસના જીવનમાં વ્યાપી જાય છે. પછી તેને ફરીથી ઉકેલવાના પ્રયત્નો કરવા પડે છે. સમસ્યા નિર્માણ થાય તેને ઉકેલવાની ગડમથલ કરવાને બદલે તે નિર્માણ જ ન થાય એવો ઇલાજ કરવો એ વિવેકનું કામ છે. મનના અજ્ઞાનમાં સમસ્યાનો જન્મ છે એ વિવેકથી પહેલાં નિશ્ચિત કરવું. પછી મનનું અજ્ઞાન નષ્ટ કરવું એ જ સાચો પરિણામદાયી માર્ગ છે. અજ્ઞાનને લીધે મનમાં દોષ ઉત્પન્ન થાય છે. મનને દોષમુક્ત કરવા માટે મનનું જ્ઞાન મેળવી લેવું એ જ સાચો માર્ગ છે.

જ્ઞાન, એ પછી વિજ્ઞાન હોય કે આત્મજ્ઞાન, એ હમેશાં શક્તિવાળું હોય છે. એની સાથે એક સાહજિક સામર્થ્ય વસે છે. વિજ્ઞાનથી જગતનું જ્ઞાન થયું એટલે જગતમાં પરિવર્તન લાવવા-માં એ સામર્થ્ય ઉપયોગી થાય છે. એ જ પ્રમાણે મનનું જ્ઞાન થાય એટલે મનમાં પરિવર્તન લાવવા માટે એ સામર્થ્ય ઉપયોગી નીવડે છે. આનો અર્થ એ થયો કે મનમાં રહેલા મૂળભૂતદોષનો નાશ કરનારું સામર્થ્ય મનના જ્ઞાનની સાથે જ પ્રાપ્ત થાય છે પણ મનનું જ્ઞાન બહારની દુનિયાના જ્ઞાન જેવું નથી એ ધ્યાનમાં રાખવું. વિજ્ઞાનમાં મન જાતે જ્ઞાતા બને છે અને જગજ્ઞેય હોય છે. પરંતુ મનના જ્ઞાનમાં મન જાતે એક તરફ જ્ઞાતા અને બીજી તરફ જ્ઞેય બને છે. મનનું જ્ઞાન પ્રત્યક્ષ પોતાના અંતરમાંથી એટલે કે પોતાના જીવનસ્રોતમાંથી ઉત્પન્ન થાય છે, તેથી એ અતિશય જીવંત હોય છે. ચમત્કાર એવો થાય છે કે મનનું જ્ઞાન અંદરથી

ઉત્પન્ન થાય છે અને મન પર મોટો આઘાત કરે છે. એ આઘાતથી મનમાં એક લાક્ષણિક પરિવર્તન આવે છે. આવા પરિવર્તન થયેલા નવા મનમાં દરેક વાતની ખરી કીંમત જાણવાની અપૂર્વશક્તિ ઉદય પામે છે. દૃશ્ય જગતની, જીવનની પ્રત્યેક વસ્તુની, પ્રત્યેક ઘટનાની, પ્રત્યેક વ્યક્તિની, તેની સાથેના આપણા સંબંધની અને આપણા શરીરની ખરી કીંમત સમજાય છે. પ્રત્યેક વાતની યથાર્થ કીંમત સમજાય એટલે જીવનમાં તેનું કાર્ય, સ્થાન અને મહત્ત્વ નિશ્ચિતપણે નક્કી કરી શકાય છે. કીંમત નક્કી કરવાની આ પ્રક્રિયાનું પર્યવસાન અંતે સર્વોત્તમ મૂલ્ય ઠરાવવામાં થાય છે.

આપણી આસપાસ ફેલાયેલા જગતનું જ્ઞાન મેળવવા માટે તેનું વસ્તુનિષ્ઠ અવલોકન કરવું પડે છે. એ જ પ્રમાણે આપણા અંતરમાં ફેલાયેલા મનનું જ્ઞાન મેળવવા આપણે તેનું વસ્તુનિષ્ઠ અવલોકન કરવું પડે છે. આવા વસ્તુનિષ્ઠ અવલોકનથી આપણા મનનું જ્ઞાન થાય એટલે તે બધા માણસોના મનને લાગુ પડે છે. એ જ જ્ઞાનના સામર્થ્યથી આપણા મનનું અજ્ઞાન નિવૃત્ત થાય છે. અજ્ઞાન નિવૃત્ત થાય એટલે મન દોષમુક્ત બને છે. પછી અજ્ઞાન-જન્ય બધી સમસ્યાઓ આપોઆપ ખરી પડે છે અથવા સહેજે ઉકલી જાય છે. માનવ જીવનની તાપ આપનારી અને દુ:ખ, ભય, ચિંતા, અસમાધાન નિર્માણ કરનારી બધી સમસ્યાઓ નિર્મૂળ કરવાનો આ પુરાણપ્રસિદ્ધ અને અનુભવસિદ્ધ ઉપાય છે. એને બીજો પર્યાય કે વિકલ્પ નથી. જ્ઞાનજન્ય પરિવર્તનોથી મન દોષ-મુક્ત કરવું અને જીવન સમસ્યાશૂન્ય બને એ જ માનવ જીવનને મોટામાં મોટો ચમત્કાર છે.

(ક્રમશ:)



## Path to True Understanding

**Reena Parikh**
Age 14 Caneda

As life dawns upon one Be it human or animal.

There is a door that opens up. And leads us to the light. As he discovers the wonders.

That lay ahead of him each day. THE DIVINE GRACE AND LOVE.

There is a path to understanding. That we must all attain. The true light of peace, That we must all adore. For blessed be the day. When truth awakens all, And we must only live for. The divine grace and Lord.

## * સાચી સમજનો માર્ગ *

રોજ દિવસ ઉગતાં જ માનવ કે પ્રાણી, સહુને માટે પ્રકાશના પંથે દોરી જતું દ્વાર ઉઘડતું રહે છે;

પરંતુ જે શોધે છે તેને જ દિવ્ય પ્રકાશ અને પ્રેમનાં આ સન્મુખ પડેલાં આશ્ચર્યોની જાણ થાય છે.

સાચી સમજનો આ સન્મુખ પડેલો માર્ગ આપણે સહુએ પ્રાપ્ત કરવાનો છે; અને સાચી શાન્તિના પ્રકાશને પૂજવાનો છે.

જે દિવસે પરમ સત્ય સહુને જાગ્રત કરીને ફક્ત પ્રભુ અને એમની દૈવી કૃપા માટે જ આપણે સહુએ જીવવું જોઈએ એવું ભાન કરાવશે.

તે દિવસ (આ પૃથ્વી પર) પરમ ધન્યતાનો હશે.

રીના પરીખ, કેનેડા
ઉમ્મર ૧૪ વર્ષ.

# સાધ્વી રાબિયાનો પ્રાર્થનાપોકાર

રતિલાલ ભાવસાર

મુસ્લિમ સંતપરંપરામાં સાધ્વી–કવયિત્રી રાબિયાનું એક આગવું અનોખું સ્થાન છે, આપણે ત્યાંની મીરાંબાઈની એ સમકાલીન ગણાય, જેરુસલેમની પૂર્વે 'જબલુત્તૂર' પહાડ ઉપર આવેલી તેની દરગાહ આજે પણ એક પવિત્ર 'ઝિયારતગાહ'–યાત્રાધામ ગણાય છે.

ફારસી સાહિત્યના મારા અભ્યાસકાળમાં સાધ્વી રાબિયાની રચનાઓ પ્રત્યે હું ખૂબ આકર્ષાયેલો! કારણ, જનસમાજના નીચલા સ્તરનાં પાપી–તાપી અને દીન–દલિતોના કલ્યાણ માટેની પ્રભુપ્રાર્થના — એ એની ઉપાસનાપદ્ધતિની એક સૌથી આગળ તરી આવતી વિશેષતા મને જણાયેલી, એનો પ્રાર્થના-પોકાર મારા હૃદયને સ્પર્શતો અને ભીંજવતો!

દુનિયાભરનાં પીડિત, પતિત, નગ્ન, ભગ્ન અને સંતપ્ત માનવીઓ પ્રત્યે એના સમભાવનો–એની અનુકંપાનો પાર નહોતો! જાણે સૌની વ્યથા–વેદનાઓ એણે હૈયે ચાંપી હતી! એના ભાવુક હૃદયમાં દિલસોજી અને હમદર્દીનો એક અખંડ અંતઃસ્રોત વેગથી વહ્યે જતો હતો.

સંસારમાં સર્વે સુખી થાઓ! શોક–સંતાપથી ઘેરાયેલાં સર્વે હૃદયો શાન્તિ પામો! સઘળાં પાપી–પતિત મનુષ્યોનો ઉદ્ધાર થાઓ! બસ, એ જ એની પ્રભુપ્રાર્થનાનો પોકાર હતો–એ જ એના રટણનો રણકાર હતો!



ધૂપસળીનું સ્મારક એની સુવાસ! એ ઉક્તિ અનુસાર, ફારસી–અરબી ભક્તિસાહિત્યમાં આજે પણ એની રચનાઓ સારી રીતે સચવાઈ રહી છે, હૃદયના ઊંડા આર્ત ને આર્દ્ર ભાવોને આત્મ-નિવેદનરૂપે વ્યક્ત કરતી એની સ–ચેતન પ્રાર્થનાઓ આપોઆપ ગીત બનીને વહેતી હોય છે.

આપણે, આવાં એકબે પ્રાર્થનાગીતોનો ગુજરાતી ભાવાર્થ જોઈએ–

"મારા પ્રભુ! જ્યાં સુધી તમે બધાં જ પાપી–પીડિતો અને ગરીબ શોષિતોનો હાથ પકડી એમને ઉઠાડો નહિ, ત્યાં સુધી મારો હાથ પકડતા નહિ!

જ્યાં સુધી સઘળાં દીન–દુખિયારાંનાં આંસુ લૂછી ન નાખો, ત્યાં સુધી મારી આંખોમાંથી નીકળતા અશ્રુપ્રવાહ તરફ જોશો નહિ!

જ્યાં સુધી તમે સૌનાં શોકગ્રસ્ત હૃદયોને કૃપા–કરુણાથી સિંચો નહિ, ત્યાં સુધી હે પ્રભુ! મારું હૃદય ભલે રેતાળ રણ જેવું રહેતું–એને માટે 'અનુગ્રહ'ની ઉતાવળ નથી!

હે નાથ! તેં મારે માટે જે કંઈ શુભ–મંગલ નિર્માણ કરી રાખ્યું હોય તે મારાં દીનહીન ભાઈભાંડુને આપ!"

* * *

એક ચિત્રાત્મક પ્રાર્થનાગીતમાં સાધ્વી રાબિયા કહે છે :

"મને કોઈક ઉચ્ચ ઉત્તુંગ ગિરિશિખર ન બનાવતો, પણ હે પ્રભુ! મને તો ફળદ્રૂપ ભૂમિ પરનું સપાટ ખેતર જ બનાવજે–કે જેથી ભૂખ્યાં લોકોને મારા વડે અન્ન–દાણો મળે!

મને અગાધ ઊંડો સમુદ્ર ન બનાવતો, પણ હે પ્રભુ! મને તો તમ રેતાળ પ્રદેશનું એકાદ નાનું-સરખું ઝરણું જ બનાવજે-કે જેથી તરસ્યાં પ્રવાસીઓની તરસ છીપે!

મને શૂરવીરના હાથની તાતી તલવાર ન બનાવતો, પણ હે પ્રભુ! મને તો એક સામાન્ય હાથલાકડી જ બનાવજે-કે જેથી કોઇ દુર્બળ માનવી એનો સહાયટેકો લઇને થોડુંક ચાલી શકે!"

'જનસેવા એ જ પ્રભુસેવા'ના ઉન્નત ભાવથી ભીંજાયેલા ભક્ત-હૃદયની આ આરત છે-આરઝૂ છે. નજર આગળની કોઇ કઠણ-કપરી પરિસ્થિતિનો કૂણા હૃદયપર પ્રભાવ પડતાં, હૃદયમાં ઘૂંટાતી હમદર્દીના ભાવ જ્યારે હૃદયમાં સમાતા નથી-ત્યારે તે આ રીતે છંદબદ્ધ શબ્દોનું રૂપ ધારણ કરી અનાયાસે જ બહાર ઊછળી આવે છે- અને એ બને છે ગીત, પ્રાર્થના કે ભજન! મગજની નહિ, પણ હૃદયની આ નીપજ ગણાય-સંપત ગણાય!

શુદ્ધ, સજ્જ અને ભાવભક્તિથી સમૃદ્ધ એવા ચિત્તની અવસ્થાઓનું યથાર્થ નિરૂપણ કરતાં આવાં પ્રાર્થનાગીતોનું દસ્તાવેજી મૂલ્ય ઘણું મોટું છે!

આપણા આ નૂતન વર્ષ નિમિત્તેની પ્રભુપ્રાર્થનાઓમાં આપણે આની ગણતરી કરી આપણી માનવભાવનાને ઉજાળીએ!

હરિઃ ૐ તત્ સત્



# શ્રદ્ધા અને બુદ્ધિ

બળવંત ઓઝા

સાંપ્રત સમયની આપણી અકથ્ય નિષ્ફળતાઓ, અજંપાઓ અને ભયાવહ સ્થિતિઓની ભીતરમાં શ્રદ્ધાનો અભાવ મુખ્યસ્થાને છે. બુદ્ધિના આધારે નિર્ધારિલાં કર્મો પર જ્યાં સુધી હૃદયનો દૃઢ આવેગ પ્રવૃત્ત થતો નથી ત્યાં સુધી પરિણામ સ્વરૂપ કે જ્ઞાનમુલક કોઇ ફ્વ પ્રામ થઇ શકતું નથી. આ સંદર્ભમાં શ્રદ્ધા એ સંકલ્પનું બળ છે, અને બળવાન સંકલ્પ વિના કાર્યસિદ્ધિ સંભવિત નથી. વ્યવહારસહજ વાતોમાં પણ જે વાત પર શ્રદ્ધા થતી નથી તે વાત અધૂરી અથવા અસ્વીકાર્ય સમજાય છે. ત્યારે—

શ્રદ્ધા શું છે? એવો એક પ્રશ્ન ઉઠે છે. અને જ્યાં સુધી એના ઉત્તરની ભાષા સમજાતી નથી ત્યાં સુધી આપણે કોઇ વિચાર ધ્યેયની દિશામાં કોઇ ચોક્કસ આકારને કે ફ્લશ્રુતિને પામી શકતો નથી, ત્યારે 'શ્રદ્ધા એટલે અમુક વસ્તુ સત્ય છે એવું માનવાની લાગણી.' એમ કહેવાય. શ્રદ્ધા એ બુદ્ધિનો ધર્મ નથી. બુદ્ધિ તો શંકા, વિવાદ કે તર્ક-વિતર્ક જન્માવે છે, શ્રદ્ધા તત્ત્વને અને સમાધાનને ગ્રહે છે. તેથી જ્યાં બુદ્ધિ મનુષ્યને વિચાર-વમળની ગતીમાં ધકેલી કેવળ નિરૂપાય કરી મૂકે છે ત્યાં શ્રદ્ધા કાર્યસિદ્ધિ, પરાક્રમ અને વિશ્વાસપૂર્વકનો વિજય અપાવવા માટે પ્રેરક બની રહે છે. અર્થાત્ શ્રદ્ધા એ મનુષ્યના હૃદયની અપૂર્વ લાગણી છે. બુદ્ધિના વિવાદ કે તર્કથી તે આવતી નથી. બુદ્ધિના બળથી અન્યને વિવાદ કરતાં રોકી શકાય છે. પરંતુ તેના હૃદયમાં આપણા

કહેવા ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ જન્માવી શકાતો નથી. જે રીતે પ્રેમ તત્ત્વને પામ્યા વિના, પ્રેમ શાથી થાય છે તે કહેવું અતિકઠિન છે તેટલું જ કઠિન શ્રદ્ધા શાથી જન્મે છે તે.

બુદ્ધિને શૂન્ય કરી નાખીને સમજ્યા, વિચાર્યા વિના કોઈપણ કાર્ય કે વાતને જડતાપૂર્વક વળગી રહેવું અને અંધાનુકરણ કરવું એવી અંધશ્રદ્ધાની આ વાત નથી, એવી શ્રદ્ધાથી તો વિચાર દૌર્બલ્ય, દુરાગ્રહ, હઠ અને ધર્મ કે અધ્યાત્મને નામે અનેક કુટેવો, વહેમો જેવાં અનિષ્ટો જ કેવળ વૃદ્ધિ પામે છે. અને હૃદય-વિસ્તારને સ્થાને સંકોચ સિદ્ધ થાય છે. તેથી આ તો આત્મશક્તિ-નો યથાર્થ ઉપયોગ કરતાં પહેલાં આત્મચેતનાના સામર્થ્યઉપર શ્રદ્ધા, દૃઢતા અને વિશ્વાસ હોવાની, આવશ્યકતાની અને એ પછી આત્મબળના નિયોગનો જે માર્ગ હોય તેની યથાર્થતા ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થવાની અનિવાર્યતાની ચર્ચા છે.

આમ મુખ્ય વાત જ શ્રદ્ધા ઉત્પન્ન કરવાની છે જે, આત્મ-ચેતના સાથે સંલગ્નતા કેળવી નિરીક્ષણોને તપાસવાની સાતત્ય-તાથી સંભવે છે અને મનુષ્યને અધ્યાત્મની સૂક્ષ્મ અનુભૂતિના માર્ગ ઉપર ચૈતસિક આવેગોનો અનુપમ આનંદ અપાવે છે. નામસ્મરણ એ આત્મચેતનાના અસ્તિત્ત્વને પામવાનો પ્રાથમિક ભૂમિકાએ દાર્શનિકીએ ચીંધેલો સરળ અને અપૂર્વ માર્ગ છે. ગીતામાં શ્રીકૃષ્ણે નવમા અધ્યાયમાં પ્રકૃતિભેદને પામવા માટે નામસ્મરણના માર્ગને અતિસ્તુત્ય કહી સાધકને ખુદમાં અધ્યાત્મ-ના દર્શન કરાવવા પ્રેરે છે. તેથી કર્તવ્યપરાયણ થવાની પૂર્વશરત એ શ્રદ્ધા બની રહે છે. કેમકે બુદ્ધિનો કાર્યારંભ જ સંશય અને પ્રશ્નથી ઉદ્ભવે છે. તેથી ઈશ્વરને, અધ્યાત્મને કે આત્મચેતનાને



જ્યાં સુધી તેનામાં શ્રદ્ધા કે વિશ્વાસ જાગૃત થયાં નથી ત્યાં સુધી તેને તે સ્વીકારી શકે નહીં આ સ્વીકાર કરવાની પ્રક્રિયામાં વિચાર અને કાર્યનું ઉભયનું અદ્ભુત સાયંજસમ છે. જે મનુષ્ય કે સાધકમાં પ્રજ્ઞાને જન્માવે છે. કેમકે વિચાર એ બુદ્ધિનો ધર્મ છે અને કાર્ય એ શ્રદ્ધાનો. આમ બુદ્ધિ અને શ્રદ્ધાના સમન્વયથી જે સંભવે છે તે પ્રજ્ઞા છે અને જે જ્ઞાન માત્રનું ઉપાદાન કારણ છે. અન્યથા કેવળ બુદ્ધિ એ કેળવણી વિનાના શિક્ષણ જેવી બની રહે છે. જ્યારે બુદ્ધિ પર શ્રદ્ધાનો દૃઢ આવેગ પ્રવૃત્ત થાય છે ત્યારે જ તે અધ્યાત્મના માર્ગ પર સાધકને ધર્મ, ઈશ્વર કે મોક્ષની અનુભૂતિ કરાવી જાય છે. અને સાધક ચિદાકાશમાં વિહાર કરતાં કરતાં આત્મચેતનાના અનંતમાં લીન બની રહે છે. ત્યારે સંતકબિર જેવા મસ્ત બનીને બોલી ઉઠે છે. 'મન મગન ભયો ફિર ક્યા બોલે?'


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

# માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦

## * થઈએ *

(ગાન)

ચાલ હૃદયમાં ધ્યાન ધરીને પાવન પાવન થઈએ,
ગંગા જેવું ઉર કરીને પાવન પાવન થઈએ.

દંભ ડોળને દૂર કરીને સાદા થઈને રહીએ,
સઘળે વિભુની મૂરત વરતી પાવન પાવન થઈએ.

ભભકાથી અળગા જ રહીને ઉરથી સુંદર થઈએ,
ઈશ્વરને ઉરમાં પધરાવી પાવન પાવન થઈએ.

સૂરજ, તારા, ચંદ્ર, સરિતા, પહાડ, ગુફા સર્વેને,
આભૂષણ ઈશ્વરનાં માની પાવન પાવન થઈએ.

સંતોની વાણીમાં જાણે સાદ વિભુનો માની,
ઉરથી એ પ્રસાદ ગ્રહીને પાવન પાવન થઈએ.

સારી સૃષ્ટિ દૂત વિભુની જાણી વ્હાલી કરીએ,
મઘમઘ ફૂલ–શું જીવન જીવી પાવન પાવન થઈએ.

— મધુરમ્



# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણે કહ્યું, એવી પાયા વિનાની મિથ્યા કલ્પના કરવાનો સમય જ મારી પાસે ક્યાં છે? માટે એવી ખોટી કલ્પના શા માટે કરવી જોઈએ? તું મને વારંવાર મારા ને મારા કુળના વિનાશનો ભય બનાવી રહી છે, પણ એવા ભયની અસર મને બિલકુલ નથી થતી. મારો નાશ કરવાની શક્તિ છે જ કોનામાં? મારો નાશ કદી પણ થઈ શકે તેમ જ નથી. એટલે હું એકદમ નિર્ભય છું. સીતાનો સ્વયંવર થયો ત્યારથી જ એ મારા હૃદયમાં રમવા માંડી છે. વચ્ચે તેને ભૂલીને મેં મારા મનને બીજી વાતોમાં પરોવેલું પરંતુ મને લલકાર કરતા હોય તેમ રામ અને લક્ષ્મણે મારી બેન શૂર્પણખાની દુર્દશા કરી એ વખતે સીતાએ વિરોધનો એક અક્ષર પણ ના ઉચ્ચાર્યો. એ અપમાનજનક પ્રસંગમાંથી મને સીતાના હરણની પ્રેરણા મળી. એટલે વેરનો પ્રસંગ ખરું જોતાં મેં નથી ઊભો કર્યો પરંતુ રામે ઊભો કર્યો છે. હું તદ્દન નિર્દોષ નહિ લાગતો હોઉં તો પણ એ તો નિર્વિવાદ છે કે પહેલો દોષ અને મહાભયંકર દોષ રામનો છે.'

મંદોદરી મૂક રહી એટલે રાવણ આગળ બોલ્યો. 'છતાં પણ એક વાતની ખાતરી આપું છું કે સીતાની ઇચ્છા વિરુદ્ધ એના પર બળાત્કાર નહિ કરું. ભલે લાંબો વખત વીતી જશે તો પણ એના હૃદયપરિવર્તનની રાહ જોઈશ.'

'એ તો તમને મળેલા શાપનું સ્મરણ કરીને તમારા મૃત્યુના ભયથી એવી ખાતરી આપી રહ્યા હશો!'

'પરસ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ એની સાથે શરીર સંબંધ કરવાથી મારું મૃત્યુ

થવાનો શાપ મને મળ્યો છે ખરો, પરંતુ તેથી ડરીને સીતા પર આક્રમણ કરતાં હું નથી અચકાતો. ના, કદાપિ નહિ. મારી ખાતરી એ શાપના સ્મરણને આભારી નથી પણ મારી પોતાની ઇચ્છાને આભારી છે. સીતાની સાથે એટલો ન્યાય હું જરૂર કરીશ. બાકી શાપ મને નથી ડરાવી શકવાનો. કામાંધ બનેલા માણસ પોતાની કામવૃત્તિને સંતોષવા પ્રેરાય છે ત્યારે શાપનો કે કશાનો ખ્યાલ નથી કરતો ને હાનિ કે મૃત્યુની સંભાવના હોવા છતાં તેની પરવા નથી રાખતો તે તું નથી જાણતી? મારામાં બીજું ઘણુંયે અશુભ હશે પણ આટલા શુભનું મારી શક્તિપ્રમાણે જતન કરતો રહીશ એટલો વિશ્વાસ રાખજે. સીતાને પણ મારાવતી એટલો વિશ્વાસ આપજે. આખરે હું પણ બ્રાહ્મણ છું, વીર છું, ને પંડિત છું.'

'એ જ આશ્ચર્ય છે ને કે છતાં પણ તમે આવું કુકર્મ કેમ કરી બેઠા!'

મંદોદરી આટલું બોલીને રાવણને જોઇ રહી.

'મંદોદરી રાવણની આંખમાં આંખ પરોવતાં બોલી. મને પહેલેથી ખબર હોત તો હું તમને એવા કુકર્મમાં પ્રેરિત થવા દેત જ નહિ. તમને મારી સદ્‌બુદ્ધિ પ્રમાણે સારી શિખામણ આપીને એમાંથી વારવાનો પ્રયાસ કરત. પરંતુ તમે મને વાત જ ક્યાં કરી કે મારી સલાહ જ ક્યાં લીધી? મને તો ખબર પણ ના પડી કે મારીચને તૈયાર કરીને તમે ક્યારે ગયા ને ક્યારે સીતાનું હરણ કરી લાવ્યા! પુલસ્ત્ય મુનિના કુળને માટે આ ઘટના કલંકરૂપ છે.'

'મને તો એમાં કલંકજેવું કશું જ નથી લાગતું.' રાવણ બોલ્યો.

'ઉલટું એથી મારા કુળના યશનો વિસ્તાર થયો એમ લાગે છે. મેં તપ કર્યું છે, વ્રત કર્યા છે, તથા બીજા અનેક સત્કર્મો કર્યા છે. સીતાહરણનું કર્મ પણ એક પ્રકારનું સત્કર્મ જ છે. પુલસ્ત્ય મુનિનો આત્મા એથી આનંદ પામી મને અભિનંદન આપતો હશે. મને એમાં કશું જ ખરાબ નથી લાગતું. બધાં કામ તારી સલાહ લઇને કરું તો મારાથી કશું થાય જ નહિ.



પરંતુ ચાલ, તું ગમે તેમ કરીને સીતાને પ્રસન્ન કરી દે એટલે તને બધું પૂછ્યા કરીશ.'

'મંદોદરી કશું ના બોલી. એને વધારે ચર્ચામાં ઉતરવાનું ઠીક ના લાગ્યું.'

સંધ્યા સમય પહેલાં મંદોદરી અશોકવાટિકામાં સીતાની મુલાકાત માટે ગઇ. સીતાના સન્માનભાવથી પ્રેરાઇને અશોકવાટિકાની બહાર દ્વાર પાસે પાલખી ઉતરાવીને એ પગે ચાલતાં આગળ વધી.

સેવિકાઓએ સીતાને એનો પરિચય કરાવ્યો.

એ અશોકવૃક્ષની નીચે સીતા પાસે બેઠી ને પ્રેમપૂર્વક બોલી. 'તને મારું આગમન કદાચ નહિ ગમ્યું હોય અને તેથી અનેક જાતના વિચારો આવ્યા હશે. પરંતુ હું કોઇ સ્વાર્થી હેતુ સાધવા માટે નહિ પણ તારા પ્રત્યેના નિષ્કપટ પ્રેમથી પ્રેરાઇને આવી છું. તારા સંબંધી સાંભળ્યું ત્યારથી જ તારી પાસે આવવાની ઇચ્છા ઉત્પન્ન થયેલી, પણ એ ઇચ્છાનો અમલ છેક આજે જ કરી શકું છું. તું કુશળ તો છે ને?'

સીતાની આંખ વર્ષાઋતુના વાદળ જેવી વિષાદગ્રસ્ત બની ગઇ. એમાંથી અશ્રુની ધારા નિકળવા લાગી. એના ગોરા ગાલ પરથી પ્રવાહિત બનનારી એ અશ્રુધારા એને જુદી જ શોભા આપવા માંડી. લાંબા સમય લગી એ એવી રીતે મૂક બનીને રોતી રહી.

મંદોદરીનું હૃદય એથી ખૂબ જ કરુણ બની ગયું. એ સ્નેહાળ અને સંવેદનશીલ હોવાથી સીતાના હૃદયના પવિત્ર પ્રેમભાવોને સારી પેઠે સમજી શકી. એ સ્નેહથી છલેલા, સુધામય સ્વરે ફરી બોલી, 'મારા અહીં આવવાથી કદાચ તને દુ:ખ થયું હશે. પરંતુ એમાં દુ:ખ લગાડવાનું કારણ કશું જ નથી. મને તારા માટે લાગણી છે, પ્રેમ છે, ને ઊંડી સહાનુભૂતિ છે. લંકામાં તું રામથી હજારો ગાઉ દૂર છે છતાં પણ મને તારી બેન બરાબર માની લેજે. એટલે જ મેં તને લાગણીથી પ્રેરાઇને તારી કુશળતા વિશે પૂછ્યું છે.'

સીતાને હવે વાચા ફૂટી.

એ ધીમા છતાં મધુ અને મક્કમ સ્વરે કહેવા માંડી. 'તેં મને મારી કુશળતા વિશે પૂછ્યું છે પરંતુ હું એનો ઉત્તર કયા શબ્દોમાં આપું? પરંતુ તું શાંતિથી વિચાર કરીશ તો સમજાશે કે પોતાના પતિથી વિખૂટી પડેલી કોઇ યે સ્ત્રી આ સંસારમાં સુખી, સ્વસ્થ, શાંત અને સલામત કે કુશળ નથી હોઇ શકતી. સ્ત્રીને માટે પતિ જ સર્વકાંઇ હોય છે. એનો સંયોગ સ્વર્ગરૂપ અને વિયોગ નરકરૂપ લાગે છે. રામથી અલગ થઇને હું કેવી રીતે કુશળ રહી શકું? મારી સ્થિરતા, શાંતિ ને કુશળતા બધું રામનો વિયોગ થતાં અદૃશ્ય થઇ ગયું. મારું હરણ કરીને રાવણે મને બધી રીતે દુ:ખી અને અસહાય બનાવી દીધી. એણે મારી પાંખ કાપી નાખી. એને બદલે તો એણે મને મારી નાખી હોત તો સારું હતું. આ દુ:ખ મારાથી નથી સહન થતું.'

મંદોદરી સહાનુભૂતિભરી ભાષામાં બોલી, 'તારા દુ:ખને હું સમજી શકું છું. ને તારી વેદનાની પણ કલ્પના કરી શકું છું. તારું હરણ એક મોટામાં મોટા અપરાધરૂપ છે. મને એની ગંધ પણ આવી હોત તો હું એને જીવના જોખમે પણ ના થવા દેત. પરંતુ એ મારી અજાણમાં થયું છે. મને એની કલ્પના પણ ન હતી અને મેં એમાં કોઇ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ પણ નથી લીધો.' (ક્રમશ:)

### સુવાક્ય

છીછરા મનુષ્યોમાં ટૂંકા વિચારો માછલીની માફક કૂદાકૂદ કરે છે. વિશાળ હૃદયોમાં વહેલ જેવી પ્રેરણાઓ પણ ભાગ્યે જ એક તરંગ જેટલો પણ સળવળાટ પેદા કરી શકે.

તમારી આવકની મર્યાદામાં રહીને તમે બધી સગવડો ભોગવો, ઉડાઉપણું તમને બેચેન બનાવશે.

## * સાધુઓમાં નગ્નતા *

ભારતમાં એવા કેટલાય સાધુસંતો છે જે કેવળ કૌપીન પહેરે છે. કેટલાક એવા પણ છે જે તદ્દન નગ્ન દશામાં રહે છે. તેવા પુરુષો એકાંત વન કે જંગલમાં રહે ત્યાં સુધી તો સારું છે પરંતુ વસ્તીમાં વસે કે વિચરણ કરે ત્યારે તેમની જીવનપદ્ધતિ ઉત્તમ, આદરણીય, અનુકરણીય નહિ કહેવાય. કૌપીનધારી પુરુષો કરતાં તદ્દન નગ્ન દશામાં વસ્તીમાં વિચરણ કરનારા પુરુષોનો પ્રશ્ન વધારે ગંભીર છે. તેવા નગ્ન સાધુઓનો આચાર બહુ બિભત્સ દેખાય છે ને સમાજ પર તેની સારી અસર નથી પડતી. ધર્મ કે સાધનાના નામે એ આચાર સાધુ સમાજમાં કેવી રીતે રૂઢ થઇ ગયો છે તે તો પ્રભુ જાણે. પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે તેને મહત્ત્વ આપવાની આવશ્યકતા નથી. આત્મિક ઉન્નતિ, ધર્મ, વૈરાગ્ય કે સાધના સાથે તેને કશો સંબંધ નથી. ધર્મ ને વૈરાગ્યના નામે સાધુસમાજમાં જે કેટલાક ખોટા ખ્યાલો અને આચારો પેસી ગયા છે એમાંનો એક આ પણ છે. પણ સમજુ માણસે એનો આશ્રય લેવાની ને એને અનુમોદન આપવાની આવશ્યકતા નથી. માણસ સમાજમાં રહે ને હરેફરે એટલે તેણે સામાજીક સ્વાસ્થ્યનો વિચાર કરીને મર્યાદા સચવાય તેવો પોષાક પહેરવો જોઇએ. સાધુઓ પણ એ નિયમમાં અપવાદરૂપ નથી.

શ્રી યોગેશ્વરજી

# * એક તટસ્થ વિચાર *

સાધુસંતો સમજી લે કે સાચી સાધુતા નગ્ન રહેવામાં નહિ પણ શીલ અને સાત્ત્વિકતાને કેળવવામાં છે. સાચો વૈરાગ્ય વિષયોમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં જોડી દેવામાં સમાયેલો છે. નગ્ન રહેવાની ભ્રમણામાં પડવાથી નહિ, પણ જીવનને ઉજ્જ્વલ કરવાની સાધના કરવાથી જ શાન્તિ ને મુક્તિ મળી શકે છે.

જેનામાં શરીરભાન ને વિવેક જાગ્રત છે, તેણે તેનો ઉપયોગ કરીને પોતાની મર્યાદા જાળવવી જ જોઈએ. જે ખાય છે, પીએ છે, ફરે છે, વાતો કરે છે અને ઓઢવાનાં સાધન રાખે છે તે એકાદ લંગોટી કે નાનું કટિવસ્ત્ર શા માટે ના રાખે? તેમ કરવાથી તેમના જ્ઞાન, વૈરાગ્ય ને ત્યાગમાં શો ફેર પડવાનો છે? પણ માણસો અંદરની સાચી સાધનાને બદલે બહારની ભ્રમણામાં પડીને જીવનને બરબાદ કરે છે, એ આશય છે. ઈશ્વરની કૃપા વિના એવી ભ્રમણામાંથી છૂટવું મુશ્કેલ છે.

તૈલંગ સ્વામી જેવા નગ્ન રહેનારા કેટલાક સાચા મહાપુરુષો અપવાદરૂપ છે. એમનું અનુકરણ નકામું છે. તેમની મહાનતા ને મહત્તા તેમની નગ્નતાને લીધે નહિ પણ તેમના જ્ઞાન, યોગબળ ને તેમની પવિત્રતાને લીધે હતી.

શ્રી યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.